


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 044
Dt.: 18-12-2025,
Thursday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### ડોનાલ્ડ ટ્રમ્પનો ચોંકાવનારો નિર્ણય

# સાત 'ગરીબ' દેશોના નાગરિકો માટે અમેરિકામાં નો એન્ટ્રી

### જે વિદેશીઓ અમેરિકનોને "ધમકાવવાનો ઈરાદો ધરાવે છે" તેમના પર પ્રતિબંધ લગાવવાની દિશામાં આ પગલું લેવામાં આવ્યું છેઃ ટ્રમ્પ પ્રશાસન



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રીય સુરક્ષા અને વેટિંગ પ્રક્રિયામાં રહેલી ખામીઓનો હવાલો આપીને ૭ દેશો સામે અમેરિકામાં પ્રવેશ પર લાગેલા યાત્રા પ્રતિબંધો નો વિસ્તાર કર્યો છે. આ નિર્ણય તેમના પહેલા કાર્યકાળની કડક નીતિઓને પુનઃસ્થાપિત કરવાનો એક ભાગ છે અને તાજેતરની સુરક્ષા ઘટનાઓ બાદ લેવામાં આવ્યો છે.

સંપૂર્ણ યાત્રા પ્રતિબંધ લાદવામાં આવેલા અન્ય દેશોમાં આળિકાના કેટલાક ગરીબ દેશો — બુર્કિના ફાસો, માલી, નાઈજર, સિયેરા લિયોન અને દક્ષિણ સુદાન — તેમજ દક્ષિણપૂર્વ એશિયાનો લાઓસ પણ સામેલ છે.

આ ઉપરાંત, ટ્રમ્પ પ્રશાસને પેલેસ્ટાઈની રાજ્યને માન્યતા આપવા બદલ ળાન્સ અને બ્રિટન સહિતના પશ્ચિમી દેશોની વિરુદ્ધ ઈઝરાયેલ સાથે એકતા દર્શાવતા અનૌપચારિક રીતે પેલેસ્ટાઈની ઓથોરિટી પાસપોર્ટ ધારકો ની યાત્રા પર પણ પ્રતિબંધોનો વિસ્તાર કર્યો છે.

વ્હાઈટ હાઉસ દ્વારા જાહેર કરવામાં આવેલી ઘોષણામાં કહેવામાં આવ્યું છે કે આ પ્રતિબંધ એવા વિદેશીઓને અમેરિકામાં પ્રવેશતા રોકવા માટે છે જેઓ "આપણી સંસ્કૃતિ, સરકાર, સંસ્થાઓ અથવા સ્થાપક સિદ્ધાંતોને નબળા પાડી શકે છે અથવા અસ્થિર કરી શકે છે."આ પગલું સીરિયામાં બે અમેરિકન સૈનિકો અને એક નાગરિકના મૃત્યુના થોડા દિવસો બાદ લેવામાં આવ્યું છે. સીરિયન અધિકારીઓના જણાવ્યા મુજબ, હુમલાખોર સુરક્ષા દળોનો એક સભ્ય હતો જેને "આત્યંતિક ઈસ્લામિક વિચારો" ને કારણે બરતરફ કરવાનો હતો.

ટ્રમ્પ પ્રશાસને જણાવ્યું કે જે વિદેશીઓ અમેરિકનોને "ધમકાવવાનો ઈરાદો ધરાવે છે" તેમના પર પ્રતિબંધ લગાવવાની દિશામાં આ પગલું લેવામાં આવ્યું છે.વ્હાઈટ હાઉસે વધુમાં જણાવ્યું કે નવા પગલાંની શ્રેણીમાં, ટ્રમ્પ અન્ય આફ્રિકન દેશોના નાગરિકો પર પણ આંશિક યાત્રા પ્રતિબંધો લાદી રહ્યા છે, જેમાં સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ નાઈજીરીયા તેમજ અશ્વેત બહુલ કેરેબિયન દેશોનો સમાવેશ થાય છે.

### ઓલા-ઉબરને ટક્કર આપતી દેશી સર્વિસ

## અચાનક ભાડા વધારાથી છૂટકારો આપવા આવશે ભારત ટેક્સી એપ

### પહેલી જાન્યુઆરીથી સૌપ્રથમ દિલ્હીમાં આ સર્વિસને લોન્ચ કરવામાં આવશે અને ગુજરાતમાં પણ એની ટ્રાયલ ચાલુ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઓલા, ઉબર અને રેપિડો જેવી કંપનીઓને ટક્કર આપવા અને ગ્રાહકોને વધુ સારી અને સસ્તી સુવિધા પૂરી પાડવા માટે દિલ્હીમાં ભારત ટેક્સી એપ લોન્ચ કરવામાં આવી રહી છે. પહેલી જાન્યુઆરીથી સૌપ્રથમ દિલ્હીમાં આ સર્વિસને લોન્ચ કરવામાં આવશે અને ગુજરાતમાં પણ એની ટ્રાયલ ચાલુ છે. એના દ્વારા ટેક્સી સર્વિસ સેક્ટરમાં એક નવી પહેલ શરૂ થઈ શકે છે. આ એપ્લિકેશન દ્વારા ભારતીયોને સુરક્ષિત, વિશ્વાસપાત્ર અને સસ્તી સુવિધા પૂરી પાડવામાં આવશે એવો દાવો કરવામાં આવી રહ્યો છે. ટ્રાન્સપોર્ટ સેક્ટર હવે ડિજિટલ બનવા જઈ રહ્યું છે ત્યારે આ એપ્લિકેશન એક દેશી સર્વિસ તરીકે સામે આવી રહી છે. સરકારની મદદથી આ સર્વિસને શરૂ કરવામાં આવી રહી છે. ઓલા, ઉબર અને રેપિડો જેવી કંપનીએ આ એપ્લિકેશન ટક્કર આપશે.

ભારત ટેક્સી એક એપ્લિકેશન આધારિત કેબ બુકિંગ પ્લેટફોર્મ છે. ઓલા અને ઉબરની જેમ આ સર્વિસ પણ મોબાઈલની મદદથી બુક કરી શકાશે. એને સામાન્ય ભારતીયોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવી છે. આ સેવાને સહકાર ટેક્સી કોઓપરેટિવ સાથે મળીને સરકારની મદદથી શરૂ કરવામાં આવી છે. એમાં સંપૂર્ણ રીતે ડ્રાઈવરના હકને ધ્યાનમાં રાખવામાં આવ્યાં છે અને તેમના હિતને પણ. આ એપ્લિકેશનની મદદથી યાત્રીઓ લોકલ અને આઉટસ્ટેશન બન્ને યાત્રાઓ બુક કરી શકશે.

ભારત ટેક્સી એપ્લિકેશનની સૌથી મહત્વની વાત એ હશે કે એના દ્વારા યાત્રીઓને ઓલા અને ઉબર જેવી કંપનીઓની અચાનક કિંમત વધારી દેવાની ટેવથી છૂટકારો મળશે. પીક ટાઈમ, ખરાબ મોસમ અને તહેવાર દરમ્યાન જ્યારે ટેક્સીની ડિમાન્ડ હોય ત્યારે ઓલા અને ઉબર દ્વારા અચાનક કિંમત વધારી દેવામાં આવે છે. આથી યાત્રીઓને હવે એનાથી હાંશકારો મળશે એવી આશા છે. ભારત ટેક્સી એપમાં ભાડું પહેલેથી નક્કી અને પારદર્શક હશે.

ભારત ટેક્સી એપ્લિકેશન ડ્રાઈવર ફ્રેન્ડલી મોડલ પર કામ કરે છે. એમાં ડ્રાઈવરને ૮૦ ટકાથી પણ વધુ ભાડું મળી શકશે. આથી તેમની કમાણીમાં વધારો થશે અને તેઓ કોઈ પણ પ્રકારના દબાવ વગર મુક્તપણે કામ કરી શકશે. ઘણી વાર એવું જોવા મળ્યું છે કે કેબ ડ્રાઈવર પ્રાઈવેટ ટેક્સીની મનમાનીથી ઘણી પરેશાનીનો સામનો કરવો પડે છે. જોકે હવે તેમને પણ એનાથી છૂટકારો મળશે.

આ એપ્લિકેશન લોન્ચ થાય એ પહેલાં જ દિલ્હીમાં લગભગ ૫૬ હજાર ડ્રાઈવરો દ્વારા ભારત ટેક્સી એપ પર રજિસ્ટ્રેશન કરાવી દીધું છે. આ આંકડા પરથી ખબર પડે છે કે ડ્રાઈવરોમાં આ એપ્લિકેશનને લઈને કેટલો ઉત્સાહ છે. સરકારને ખાતરી છે કે શરૂઆતથી જ યાત્રીઓને પૂરતી કેબ મળી રહેશે અને તેમણે રાહ નહીં જોવી પડે.

ભારત ટેક્સી એપ્લિકેશન પર યાત્રીઓને ઓટો, કાર અને બાઈક ટેક્સી ત્રણેની સુવિધા મળશે. ઓલા, ઉબર અને રેપિડો જેવી આ એપ્લિકેશન પર પણ દરેક યુઝરને તેમની જરૂરિયાત અનુસાર વાહન મળી રહેશે. આ પ્લેટફોર્મ પર લોકલથી લઈને દૂર જવા માટેના દરેક વિકલ્પનો સમાવેશ કરવામાં આવ્યો છે. નવા વર્ષની શરૂઆતથી દિલ્હીના રોડ પર આ એપ્લિકેશન કેવી અસરકારક રહે એના પર સૌની નજર છે.

## દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે ઉપર ગમખ્વાર અકસ્માતઃ વાહન સળગી જતાં ૩ જીવતા સળગ્યાં

(સંપૂર્ણ સમાચાર સેવા)અલવર

રાજસ્થાનના અલવર જિલ્લામાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર બુધવારે વહેલી સવારે એક કાળજું કંપાવનારી ઘટના સામે આવી છે.

એક પિકઅપ ગાડી અન્ય વાહન સાથે અથડાયા બાદ તેમાં ભીષણ આગ ફાટી નીકળી હતી, જેમાં સવાર ત્રણ લોકોના જીવતા ભૂંજાઈ જવાથી કમકમાટીભર્યા મોત નીપજ્યા છે.

મળતી માહિતી મુજબ, અકસ્માત રેણી પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક્સપ્રેસ-વેના ચેનલ નંબર ૧૩૧ પાસે સર્જાયો હતો. દિલ્હીથી જયપુર તરફ જઈ રહેલી એક પિકઅપ ગાડી આગળ જઈ રહેલા અન્ય એક વાહન સાથે ધડાકાભેર અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે પિકઅપના આગળના ભાગના ફુરચા ઉડી ગયા હતા અને જોતજોતામાં ગાડીમાં ભીષણ આગ લાગી ગઈ હતી.

ઘટનાસ્થળે હાજર લોકોના જણાવ્યા અનુસાર, ટક્કર બાદ પિકઅપનો આગળનો ભાગ ખરાબ રીતે દબાઈ ગયો હતો, જેના કારણે અંદર સવાર ત્રણેય વ્યક્તિઓ ફસાઈ ગયા હતા. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા અંદર ફસાયેલા લોકોને બહાર નીકળવાની તક પણ મળી નહોતી અને તેઓ વાહનની અંદર જ જીવતા ભૂંજાયા હતા.

ઘટનાની જાણ થતા જ રેણી પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. આ અકસ્માતમાં પિકઅપના ડ્રાઈવરને ગંભીર ઈજાઓ પહોંચી છે, જેની હાલત નાજુક હોવાથી તેને વધુ સારવાર માટે જયપુર લઈ જવામાં આવ્યો છે. તેમજ હાલ ત્રણેય મૃતકોની ઓળખ થઈ શકી નથી. પોલીસે ત્રણેય મૃતદેહોને રેણી હોસ્પિટલના પીએમ રૂમમાં રાખ્યા છે. પોલીસ હાલ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે મૃતકો ક્યાંના રહેવાસી હતા અને ક્યાં જઈ રહ્યા હતા.

### વર્ષ ૨૦૨૦-૨૧માં નાણાં ખાધ ૯.૨% હતી

## લોકસભા બાદ રાજ્યસભાએ પણ ગ્રાન્ટમાં રૂ.૪૧,૪૪૫ કરોડ વધારાનો પ્રસ્તાવ પસાર કર્યો

### વીમા ક્ષેત્રે ૧૦૦ ટકા સીધા વિદેશી મૂડીકારણને મંજૂરી આપવાનું બિલ લોકસભામાં રજૂ થયુ હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મંગળવારે સંસદમાં ગ્રાન્ટ્સ માટે અતિરિક્ત માગના પ્રથમ જથ્થાને મંજૂરી આપવામાં આવી હતી. જેના કારણે સરકારને વર્તમાન નાણાકીય વર્ષમાં અતિરિક્ત રૂ.૪૧,૪૫૫ કરોડનો ખર્ચ કરવાની મંજૂરી મળી હતી. આ ખર્ચ વધારામાં રૂ.૧૮,૦૦૦ કરોડની ફર્ટિલાઈઝર સબસિડી પણ સામેલ છે. અગાઉ સોમવારે લોકસભાએ ધ્વનિમતથી આ પ્રસ્તાવ મંજૂર કર્યો હતો, જેને રાજ્યસભાએ પરત લોકસભામાં મોકલ્યો છે. ખર્ચમાં અતિરિક્ત વધારાના પ્રથમ જથ્થા હેઠળ ૧.૩૨ લાખ કરોડ સામેલ છે. આ પ્રસ્તાવમાં રૂ.૪૧,૪૫૫.૩૯ કરોડની નેટ કેશ તથા વિવિધ સરકારી વિભાગો દ્વારા રૂ.૯૦,૮૧૨.૧૭ કરોડની ખર્ચ બચતનો સમાવેશ થાય છે. અતિરિક્ત ખર્ચમાંથી રૂ.૧૮,૫૨૫ કરોડ ફર્ટિલાઈઝર સંબંધિત સબસિડી પેટે મંજૂર કરાયા છે, જ્યારે રૂ.૯,૫૦૦ કરોડ પેટ્રોલિયમ મંત્રાલયને અપાશે. રાજ્યકક્ષાના નાણામંત્રી પંકજ ચૌધરીએ રાજ્યસભામાં ચર્ચા દરમિયાન માહિતી આપી હતી કે, ઉચ્ચ શિક્ષણ વિભાગ માટે અતિરિક્ત રૂ.૧,૩૦૪ કરોડ રખાયા છે. વર્ષ ૨૦૨૦-૨૧માં નાણાખાધ ૯.૨ ટકા હતી, જ્યારે વર્ષ ૨૦૨૫-૨૬માં આ લક્ષ્ય ૪.૪ ટકા રાખવામાં આવ્યું છે.વીમા ક્ષેત્રે ૧૦૦ ટકા સીધા વિદેશી મૂડીકારણને મંજૂરી આપવાનું બિલ લોકસભામાં રજૂ થયુ હતું. કોંગ્રેસ સહિત વિપક્ષના સભ્યોએ આ બિલનો ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. 'સબકા બીમા સબકી સુરક્ષા' બિલ પર ચર્ચાની શરૂઆત કરતા કોંગ્રેસના સભ્ય માણિકમ ટાગોરે કહ્યુ હતું કે, આ બિલની જોગવાઈઓ નુકસાનકારક છે. તેનાથી સામાન્ય લોકોમાં ઈન્સ્યોરન્સ ક્ષેત્રની વિશ્વસનીયતા બાબતે સવાલ ઊભા થશે.

## પ.બંગાળમાં ૫૮ લાખ મતદારોના નામ કપાયા, ૧.૯ કરોડને નોટિસ

### ચૂંટણી અધિકારીઓના જણાવ્યાનુસાર, ચકાસણી દરમિયાન ૨૮ લાખ ગણતરી ફોર્મ અગાઉની SIR યાદી સાથે મેળ ખાતા નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ના બીજા તબક્કાના ભાગ રૂપે મંગળવારે (૧૬ ડિસેમ્બર) જાહેર કરાયેલા ડ્રાફ્ટ મતદાર યાદીમાં રાજ્યમાં મતદારોની સંખ્યા ઘટીને ૭.૧ કરોડ રહી ગઈ છે. ૨૯ ઓક્ટોબર, ૨૦૨૫ સુધીમાં નોંધાયેલા ૭.૬ કરોડ મતદારોમાંથી, ૭.૬ ટકા એટલે આશરે ૫૮ લાખ નામ મૃત, સ્થળાંતરિત, ગેરહાજર અથવા એક કરતાં વધુ જગ્યાએ નોંધાયેલા હોવાને કારણે યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે.

ચૂંટણી અધિકારીઓના જણાવ્યાનુસાર, ચકાસણી દરમિયાન ૨૮ લાખ ગણતરી ફોર્મ અગાઉની SIR યાદી સાથે મેળ ખાતા નથી, જ્યારે ૧૬.૫ કરોડ ફોર્મમાં તાર્કિક વિસંગતતાઓ જોવા મળી હતી. જેના કારણે, આશરે ૧.૯ કરોડ મતદારોને નોટિસ જાહેર કરવામાં આવશે. આ મતદારોએ સુનાવણી દરમિયાન તેમની સ્થિતિ સમજાવવી પડશે, નહીંતર તેમના નામ અંતિમ મતદાર યાદીમાં સામેલ કરવામાં નહીં આવે.

અધિકારીઓએ એક મીડિયાને જણાવ્યું હતું કે, જે વિસંગતતાઓ મળી આવી છે તેમાં એક જ માતા-પિતાના છથી વધુ બાળકોની એન્ટ્રીઓ, પિતાના નામમાં ભૂલો, વાલી તરફથી અસામાન્ય ઉંમરનો તફાવત અને ૪૫ વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓનો સમાવેશ થાય છે જેમણે પહેલાં ક્યારેય નોંધણી કરાવી ન હતી. SIRના બીજા તબક્કા માટેના નિયમોમાં ફેરફારને કારણે, દસ્તાવેજો સબમિટ કરવાનું હવે ફરજિયાત રહ્યું નથી, જેના કારણે મોટી સંખ્યામાં અપૂર્ણ અથવા ખોટી વિગતો જોવા મળી છે.

જિલ્લા સ્તરે નામ રદ કરવાના દરમાં નોંધપાત્ર તફાવત જોવા મળ્યો. કોલકાતા ઉત્તરમાં ૨૫.૯ ટકા મતદારોના નામ દૂર કરવામાં આવ્યા, જ્યારે કોલકાતા દક્ષિણમાં ૨૩.૮ ટકા, જ્યારે પૂર્વ મેદિનીપુરમાં સૌથી ઓછો દર ૩.૩ ટકા હતો. પશ્ચિમ બર્દવાનમાં ૧૩.૧ ટકા મતદારોના નામ યાદીમાંથી દૂર કરવામાં આવ્યા.

બાંગ્લાદેશની સરહદે આવેલા મોટાભાગના જિલ્લાઓમાં રાજ્યના સરેરાશ કરતા કાઢી નાખવાનો દર ઓછો હતો, જોકે આ જિલ્લાઓમાં "પિતાના નામમાં અસંગતતા" નો દર વધુ હતો. માલદા, ઉત્તર દિનાજપુર અને મુર્શિદાબાદમાં ૧૨ થી ૧૬ ટકાની વચ્ચે દર નોંધાયો હતો.

અન્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં જ્યાં SIR ફેઝ-૨ હેઠળ ડ્રાફ્ટ મતદાર યાદીઓ બહાર પાડવામાં આવી હતી, ત્યાં રાજસ્થાનમાં ૭.૬ ટકા, ગોવામાં ૮.૪૫ ટકા, પુડુચેરીમાં ૧૦.૧ ટકા અને લક્ષદ્વીપમાં ૨.૪૭ ટકા મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા છે. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, મૃતક, સ્થળાંતરિત અને ડુપ્લિકેટ મતદારોની યાદી રાજકીય પક્ષોના બૂથ-સ્તરના એજન્ટોને સોંપવામાં આવી છે અને તેને જાહેર વેબસાઈટ પર પણ પોસ્ટ કરવામાં આવી છે. દાવા અને વાંધા ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી દાખલ કરી શકાય છે, જ્યારે સુનાવણી અને ચકાસણી પ્રક્રિયા ૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી ચાલુ રહેશે. અંતિમ મતદાર યાદી ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ પ્રકાશિત કરવામાં આવશે.

### નીતિશ કુમાર માફી માગે નહીંતર...

## હિજાબ વિવાદમાં હવે પાકિસ્તાની ડોનની એન્ટ્રી, CMને ધમકાવ્યા

### ડોન શહેજાદ ભટ્ટીએ ધમકી આપી કે, મુખ્યમંત્રી નીતિશ કુમાર માફી માંગે નહીંતર એવું ન કહેતાં કે ચેતવણી આપી ન હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર દ્વારા એક મુસ્લિમ મહિલાના ચહેરા પરથી હિજાબ ખેંચવાના વિવાદમાં હવે એક પાકિસ્તાની ડોન પણ વચ્ચે કૂદી પડ્યો છે. પાકિસ્તાનના કુખ્યાત ડોન શહેજાદ ભટ્ટીએ પોતાનો એક વીડિયો શેર કરીને ધમકી આપી કે, મુખ્યમંત્રી નીતિશ કુમાર માફી માંગે નહીંતર એવું ન કહેતાં કે ચેતવણી આપી ન હતી.

પાકિસ્તાની ડોન શહેજાદ ભટ્ટીએ પોતાનો એક વીડિયો શેર કરતાં કહ્યું કે, તમામ લોકોએ જોયું હશે કે, બિહારમાં શું થયું. એક મોટા પદ પર બેઠેલા વ્યક્તિ એક મુસ્લિમ મહિલા સાથે અયોગ્ય વ્યવહાર કરે છે. પછી મારા પર આરોપ લગાવવામાં આવશે કે, શહેજાદ ભટ્ટીએ આવું કરી દીધું. આ વ્યક્તિ પાસે હજું પણ સમય છે કે, તે મહિલાની માફી માંગે. જો આજે માફી ન માંગે તો જવાબદાર સંસ્થાઓને આ વિશે કાર્યવાહી કરવી જોઈએ. પછી એવું ન કહેતા કે ચેતવણી નહતી આપી.

અમુક મીડિયા અહેવાલો અનુસાર, શહેજાદ ભટ્ટી પાકિસ્તાનના પંજાબ પ્રાંતનો રહેવાસી છે. શહેજાદ ભટ્ટી વિશે જણાવવામાં આવે છે કે, તે ભારત સામે આતંકી ગતિવિધિઓ ફેલાવવામાં પણ સામેલ રહ્યો છે. સોશિયલ મીડિયા પર તે ખુદને ઈસ્લામ અને પાકિસ્તાનનો સિપાહી કહે છે.

નોંધનીય છે કે, હિજાબ વિવાદ મુખ્યમંત્રી નીતિશ કુમાર સાથે જોડાયેલો છે. સોમવારે મુખ્યમંત્રી સચિવાલયમાં 'સંવાદ' કાર્યક્રમ હેઠળ એક હજારથી વધુ આયુષ ચિકિત્સકોને નિયુક્તિ પત્રનું વિતરણ કરવામાં આવ્યું હતું. નિયુક્તિ પત્ર આપતાં નુસરત પરવીનનો વારો આવ્યો, જે ચહેરા પર હિજાબ પહેરીને આવી હતી. આ દરમિયાન મુખ્યમંત્રીએ નારાજગી વ્યક્ત કરતાં કહ્યું કે, આ શું છે? અને પછી તેના ચહેરા પરથી હિજાબ ખેંચી લીધો.

આ દરમિયાન મુખ્યમંત્રીની બાજુમાં ઊભેલા નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી મુખ્યમંત્રીને રોકવાના પ્રયાસ કરતા જોવા મળ્યા હતા. જોકે, આ ઘટના બાદ ત્યાં હાજર અધિકારીએ તુરંત નવનિયુક્ત ચિકિત્સકને એકબાજુ કરી દીધી.




# તંત્રી લેખ......

## મનરેગામાં ફેરફાર રોજગાર ગેરંટીમાં ફેરફાર કરશે

કેન્દ્ર સરકારે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (મનરેગા) નું નામ બદલવાની, તેની ઘણી જોગવાઈઓ બદલવાની અને લોકસભામાં સંબંધિત સુધારા બિલ રજૂ કરવાની રીત સામે વિપક્ષનો વાંધો આશ્ચર્યજનક નથી, કારણ કે હવે દરેક સરકારી પહેલનો વિરોધ થઈ રહ્યો છે. મનરેગાનું નામ વિકાસિત ભારત ગેરંટી ફોર એમ્પ્લોયમેન્ટ એન્ડ લાઈવલીહૂડ મિશન ગ્રામીણ (વીબીજી-રામજી) રાખવામાં આવ્યું હોવાથી, વિપક્ષ વધુ આક્રમક બની રહ્યો છે.

તેને એવો આરોપ લગાવવાની તક મળી ગઈ છે કે સરકાર મહાત્મા ગાંધીની અવગણના કરી રહી છે. સરકાર વિપક્ષને આ તક આપવાનું ટાળી શકી હોત, પરંતુ કદાચ તેણે કાયદામાં પ્રસ્તાવિત આમૂલ ફેરફારોનો સખત વિરોધ કરવાથી રોકવા માટે આમ કર્યું. સરકારે નામ બદલવાને યોગ્ય ઠેરવ્યું હોવા છતાં, વિપક્ષ સંતુષ્ટ થશે કે કેમ તે શંકાસ્પદ છે. જોકે, એ વાતને અવગણવી ન જોઈએ કે આ પહેલી વાર નથી જ્યારે કોઈ યોજનાનું નામ અથવા તેની જોગવાઈઓ બદલાઈ હોય. મનરેગા મૂળ નરેગા હતી. પાછળથી મનરેગા બનાવવા માટે મહાત્મા ગાંધીનું નામ તેમાં ઉમેરવામાં આવ્યું હતું. જે સમયે મનરેગા લાગુ કરવામાં આવી હતી, તે સમયે પરિસ્થિતિઓ અલગ હતી. આ કાયદામાં ફેરફારની જરૂરિયાત, જેને વ્યાપકપણે સૌથી અસરકારક સામાજિક સુરક્ષા યોજના માનવામાં આવે છે, તે લાંબા સમયથી અનુભવાઈ રહી હતી. વિપક્ષી નેતાઓ સમયાંતરે પરિવર્તનની આ જરૂરિયાત પર ભાર મૂકે છે, પરંતુ હવે તેઓ કોઈ ફેરફારના પક્ષમાં હોય તેવું લાગતું નથી. એ સમજવું જોઈએ કે મનરેગા જે ઉદ્દેશ્યો માટે રજૂ કરવામાં આવ્યું હતું તે પ્રાપ્ત કરવા માટે સંઘર્ષ કરી રહ્યું હતું. એવા કિસ્સાઓ બહાર આવી રહ્યા હતા જે દર્શાવે છે કે યોજનામાં અસંખ્ય ખામીઓ હતી. ઉદાહરણ તરીકે, જ્યાં વેતન આધારિત કામ થવું જોઈતું હતું ત્યાં મશીનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેવી જ રીતે, કોંક્રિટ ગ્રામીણ વિકાસ કાર્યનો અભાવ હતો. હવે, સરકાર ગામડાઓમાં માળખાગત સુવિધાઓ બનાવવા માટે વ્યવસ્થા કરવા જઈ રહી છે. સુધારેલા કાયદામાં ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં આજીવિકા અને આવકની તકોને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. એ પણ નોંધનીય છે કે, વેતન દિવસોમાં વધારો કરવાની સાથે, રાજ્યોને વર્ષમાં ૬૦ દિવસ કામ બંધ કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. આ એક માંગ પણ હતી. આ કાયદામાં ફેરફારો દ્વારા, સરકાર ગ્રામીણ વિકાસને એક એવી દિશા આપવા માંગે છે જે વિકસિત ભારતના લક્ષ્યને વધુ સરળતાથી પ્રાપ્ત કરશે. આ બિલના ગુણદોષો પર સંસદમાં વ્યાપક ચર્ચા કરવી યોગ્ય રહેશે જેથી તે વધુ અસરકારક બની શકે. આ સુધારા પહેલનો અતિશયોક્તિપૂર્ણ વિરોધ ટાળવો જોઈએ.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: ચાંદી, ચાંદી-મિની અને ચાંદી-માઈક્રો વાયદાઓ નવી ઉંચાઈએ પહોંચ્યા: સોનાના વાયદામાં રૂ.૧૭૩ની નરમાઈ

**કોટનના વાયદામાં સેંકડા વધ્યા: ક્રૂડ તેલના વાયદામાં રૂ.૫૨નો સુધારો: કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૫૧૨૫.૧ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૩૯૫૬૬.૩૮ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૮૫૭૮.૭૨ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૩૦૭૧ પોઈન્ટના સ્તરે**


મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૮૪૭૦૧.૬૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૫૧૨૫.૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૩૯૫૬૬.૩૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૩૦૭૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૪૭૯.૧૩ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૮૫૭૮.૭૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૫૦૭૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૫૨૪૯ અને નીચામાં રૂ.૧૩૩૩૭૩ના મથાળે અથડાઈ, રૂ.૧૩૪૪૦૯ના આગલા બંધ સામે રૂ.૧૭૩ ઘટી રૂ.૧૩૪૨૩૬ થયો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૯ વધી રૂ.૧૦૭૫૭૮ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ ડિસેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૭ વધી રૂ.૧૩૪૬૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫ વધી રૂ.૧૩૨૬૮૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૩૪૧૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૩૭૮૪ અને નીચામાં રૂ.૧૩૨૩૫૮ના સ્તરને સ્પર્શી, રૂ.૧૩૨૯૪૯ના આગલા બંધ સામે રૂ.૯૫ વધી રૂ.૧૩૩૦૪૪ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૧૯૯૨૦૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૦૬૧૧૧ના ઉચ્ચત્તમ સ્તરે અને નીચામાં રૂ.૧૯૯૨૦૧ના મથાળે અથડાઈ, રૂ.૧૯૭૭૫૫ના આગલા બંધ સામે રૂ.૬૯૨૦ વધી રૂ.૨૦૪૬૭૫ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૬૭૫૦ વધી રૂ.૨૦૫૧૫૦ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૬૮૩૭ વધી રૂ.૨૦૫૨૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૨૦૬૪૫૪ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ૨૦૬૩૯૦ના ઉચ્ચત્તમ સ્તરને સ્પર્શ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૩૯૧૭.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ડિસેમ્બર વાયદો રૂ.૫.૧ વધી રૂ.૧૧૧૧ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર વાયદો ૪૦ પૈસા વધી રૂ.૩૦૩.૩૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો રૂ.૧.૧ વધી રૂ.૨૮૧.૩ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ડિસેમ્બર વાયદો ૮૫ પૈસા ઘટી રૂ.૧૮૦.૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૨૬૨૨.૦૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી




ડિસેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૭૪૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૭૯૭ અને નીચામાં રૂ.૩૭૪૦ના મથાળે અથડાઈ, રૂ.૩૦ વધી રૂ.૩૭૭૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૦૯૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૧૩૧ અને નીચામાં રૂ.૫૦૩૦ના મથાળે અથડાઈ, રૂ.૫૦૭૧ના આગલા બંધ સામે રૂ.૫૨ વધી રૂ.૫૧૨૩ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૫૫ વધી રૂ.૫૧૨૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૩.૫ વધી રૂ.૩૫૯.૫ થયો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૩.૬ વધી રૂ.૩૫૯.૫ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૪૫.૫ના ભાવે ખૂલી, રૂ.૧૯.૭ વધી રૂ.૯૬૫.૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કોટન ડિસેમ્બર વાયદો રૂ.૧૧૦ વધી રૂ.૨૫૨૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૬૭૦ના ભાવે ખૂલી, રૂ.૧૦ ઘટી રૂ.૨૬૬૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૮૨૧૩.૫૦ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૦૩૬૫.૨૩ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૩૦૫૮.૦૧ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૫૨.૬૪ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૧.૮૩ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૪૮૫.૪૫ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૦.૮૬ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૯૯૨.૮૦ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૬૧૮.૩૮ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૫૧ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૬૯૦૫ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૭૭૧૫૭ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૧૯૮૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૪૬૧૪૯ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૩૬૯૯૦ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૭૨૭૩ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૯૩૫૨ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૧૨૩૩૧ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૮૭૪ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૬૨૫૪ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૦૨૧૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૩૦૭૯ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૩૨૧૫ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૩૦૦૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૨૫૩ પોઈન્ટ વધી ૩૩૦૭૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૫૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૧.૬ વધી રૂ.૨૦૩ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૩૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૫૫ વધી રૂ.૧૩.૧ના ભાવે બોલાયો હતો.

સોનું ડિસેમ્બર રૂ.૧૩૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૪.૫ ઘટી રૂ.૧૮૨૬ થયો હતો. આ સામે ચાંદી ડિસેમ્બર રૂ.૨૦૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૨૮૩.૫ વધી રૂ.૫૮૦૧.૫ થયો હતો. તાંબું ડિસેમ્બર રૂ.૧૧૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૩૬ વધી રૂ.૧૨.૪ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૧૫ પૈસા વધી રૂ.૨.૦૧ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૫૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૦.૨ ઘટી રૂ.૧૬૭.૫ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૩૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૯૫ ઘટી રૂ.૧૩.૮ થયો હતો.

સોનું ડિસેમ્બર રૂ.૧૨૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧.૫ ઘટી રૂ.૩૧૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ડિસેમ્બર રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૮૬૦ ઘટી રૂ.૩૫૮૦ થયો હતો. તાંબું ડિસેમ્બર રૂ.૧૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૮૯ ઘટી રૂ.૧૦.૫ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૦૪ વધી રૂ.૩.૩૫ થયો હતો.

હૈદરાબાદના રહેવાસી સાજિદે ૨૭ વર્ષ પહેલા દેશ છોડ્યો હતો

# ઓસ્ટ્રેલિયામાં આતંકી હુમલો કરનાર સાજિદ ભારતીય હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)સિડની, ઓસ્ટ્રેલિયામાં ૧૫મી ડિસેમ્બરે સિડનીના બોન્ડી બીચ પર યહૂદી લોકો પર હુમલો કરનાર આતંકવાદી સાજિદ અકરમ ભારતનો હતો. ૫૦ વર્ષીય સાજિદ મૂળ તેલંગાણાના હૈદરબાદનો વતની હતો.

તેણે હૈદરાબાદમાંથી બી.કોમની ડિગ્રી મેળવી અને પછી સ્ટુડન્ટ વિઝા પર નોકરીની શોધમાં નવેમ્બર ૧૯૯૮માં ઓસ્ટ્રેલિયા જતો રહ્યો હતો. ત્યાર પછી તેણે યુરોપિયન મૂળની મહિલા વેનેરા ગ્રોસોની સાથે લગ્ન કર્યા અને ત્યાં જ સ્થાયી ધોરણે વસવાટ કરી લીધો. સાજિદની પાસે હજુ પણ ભારતીય પાસપોર્ટ હતો. સાજિદના પરિવારજનોએ કહ્યું છે કે તેમણે કેટલાય વર્ષો પહેલા સાજિદની સાથેના પોતાના સંબંધો તોડી નાંખ્યા હતા, કારણ કે તેણે એક ખ્રિસ્તી મહિલાની સાથે લગ્ન કર્યા હતા.છેલ્લા ૨૭ વર્ષમાં સાજિદ સાથે પરિવારજનોના સંબંધો ઓછા રહ્યા. જોકે, ઓસ્ટ્રેલિયા ગયા પછી સાજિદ છ વાર ભારત આવી ચૂક્યો હતો. સાજિદનો પુત્ર નવીદ અકરમ(૨૪) ઓસ્ટ્રેલિયન નાગરિક છે. સાજિદને એક પુત્રી છે.

ઉલ્લેખનીય છે કે, આ આતંકવાદી હુમલામાં ૧૫ લોકોના મોત થયા છે, જ્યારે ૪૦થી વધુ લોકો ઘાયલ થયા છે. આતંકવાદી સાજિદ પણ પોલીસના ફાયરિંગમાં ઠાર થયો છે, જ્યારે તેનો પુત્ર ઘાયલ થયો છે.

સરકારી યોજનાઓના લાભ કોઈ પણ પ્રકારના વિલંબ વગર સીધો લાભાર્થીને મળે તેવી સુદ્રઢ વ્યવસ્થા ગોઠવવાં મુખ્યમંત્રીશ્રીની સૂચના

# ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતા હેઠળ મળી રાજ્ય મંત્રી મંડળની બેઠક

**અમદાવાદમાં સરકારી શાળામાં ભણતી દીકરી માહી ભટ્ટને 'નાસા સ્ટેમ'માં ગાઈડ તરીકે આમંત્રણ મળતા મુખ્યમંત્રીશ્રી સહિત સમગ્ર મંત્રીમંડળે અભિનંદન પાઠવ્યા**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં ચર્ચાયેલા મહત્વપૂર્ણ મુદ્દાઓ અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા તમામ મંત્રીમંડળના સભ્યોએ અમદાવાદની ૧૪ વર્ષની દીકરી માહી ભટ્ટની ગૌરવશાળી સિદ્ધિને બિરદાવી હતી. સરકારી શાળામાં યોજાતા વિજ્ઞાન મેળામાં રસપૂર્વક ભાગ લેતી આ દીકરીએ વૈશ્વિક સ્તરે ગુજરાતનો ડંકો વગાડ્યો છે. અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારની AMC સંચાલિત સરકારી શાળામાં અભ્યાસ કરતી સામાન્ય પરિવારની આ દીકરી માહીને 'નાસા સ્ટેમ'માં ગાઈડ તરીકે આમંત્રણ મળવા બદલ મુખ્યમંત્રીશ્રી સહિત સમગ્ર મંત્રીમંડળે દીકરી અને તેના પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

રાજ્યના નાગરિકોનું હિત અને સર્વાંગી વિકાસ એ ગુજરાત સરકારની કાર્યશૈલીના કેન્દ્રમાં છે, તેમ જણાવતાં પ્રવક્તા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા નાગરિકોના હિતમાં અનેક મહત્વના નિર્ણયો લેવામાં આવે છે. આ જાહેરાતો અને નિર્ણયોનો લાભ રાજ્યના છેવાડાના નાગરીક સુધી સુયોગ્ય રીતે પહોંચે તેની ખાતરી કરવાની જવાબદારી વહીવટી તંત્રની છે. સરકાર દ્વારા લેવાતા દરેક પ્રજાલક્ષી નિર્ણયો અને દરેક યોજનાનું સત્વરે અમલીકરણ થાય તે માટે મુખ્યમંત્રીશ્રીએ કેબિનેટ બેઠકમાં સૂચના આપી છે. આ ઉપરાંત કોઈપણ પ્રજાલક્ષી નિર્ણય બાદ તેમાં કોઈપણ પ્રકારના વિલંબ વગર ત્વરિત અમલીકરણ કરવા પણ જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે.

આ ઉપરાંત આગામી ૧૦ જાન્યુઆરીથી રાજકોટ ખાતે યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ સમિટ અંગે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી તમામ તૈયારીઓ અને આયોજનની મુખ્યમંત્રીશ્રીએ તલસ્પર્શી માહિતી મેળવીને સમીક્ષા કરી હતી. સાથે જ તેમણે, આ સમિટને વધુ સાર્થક બનાવી સામાન્ય નાગરિકો માટે રોજગારીની નવી તકો ઊભી કરવા માટે વહીવટી તંત્રને અત્યારથી જ સજ્જ થવા સૂચના આપી છે, તેમ પ્રવક્તા મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું. - ઋચા

# ગાઢ ધુમ્મસને કારણે યુપીમાં અકસ્માતોની હારમાળા: ૨૫ના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનઉ ગાઢ ધુમ્મસ અને નબળી વિઝિબિલિટીના કારણે ઉત્તર પ્રદેશમાં સંખ્યાબંધ માર્ગ અકસ્માત સર્જાયા હતા, જેના કારણે ૨૫ લોકોનાં મોત થયા હતા અને ૫૯ ઘાયલ થયા હતા. મથુરામાં યમુના એકસપ્રેસ વે પર સૌથી વધુ કરુણ અકસ્માત સર્જાયો હતો, જ્યાં સંખ્યાબંધ વાહનો એકબીજા સાથે અથડાયા હતા. મથુરા નજીક સૌથી વધુ ૧૩ વ્યક્તિનાં મોત થયા હતા, જ્યારે બસ્તિ અને ઉનાવ ખાતે ૪-૪ મોત થયા હતા. મેરઠ અને બારાબંકીમાં બે-બે વ્યક્તિએ જીવ ગુમાવ્યા હતા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મથુરા અકસ્માતમાં જીવ ગુમાવનારા મૃતકો પ્રત્યે દિલસોજી વ્યક્ત કરી હતી. આ અકસ્માતમાં ૧૩ લોકો જીવતા ભૂંજાયા હતા અને ૪૩ને ગંભીર ઈજા થઈ હતી. યમુના એક્સપ્રેસ પર મંગળવારે વહેલી સવારે ૪.૩૦ના અરસામાં ગાઢ ધુમ્મસના કારણે વિઝિબિલિટી સાવ ઘટી ગઈ હતી ત્યારે સંખ્યાબંધ વાહનો એકબીજા સાથે ટકરાયા હતા.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com


નાયબ મુખ્યમંત્રીશ્રી – શહેરી વિકાસ મંત્રીશ્રી - શહેરી વિકાસ રાજ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિ

# સ્માર્ટ સિટીઝ અન્વયે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરૂ થયેલા સિટી ઈન્વેસ્ટમેન્ટ્સ ટુ ઈનોવેટ - ઈન્ટીગ્રેટ અને સસ્ટેઈન કાર્યક્રમમાં ગુજરાત દેશના અગ્રણી રાજ્યોમાં છે: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

**રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓના સર્વાંગી વિકાસ માટે કુલ રૂ.૨૮૦૦ કરોડની રકમના ચેક વિતરણનો ગૌરવશાળી સમારોહ અમદાવાદમાં યોજાયો**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, સ્માર્ટ સિટીઝ અન્વયે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરૂ થયેલા સિટી ઈન્વેસ્ટમેન્ટ્સ ટુ ઈનોવેટ, ઈન્ટીગ્રેટ અને સસ્ટેઈન કાર્યક્રમમાં ગુજરાત દેશના અગ્રણી રાજ્યોમાં છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ક્લાઈમેટ ચેન્જના પડકારોને પહોંચી વળવા આપણા નગરો-મહાનગરોએ ગ્રીન સ્પેસ, ગ્રીન ગ્રોથ અને ગ્રીન મોબિલિટી તથા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને સ્વચ્છતા સર્વેક્ષણમાં લીડ લીધી છે. એટલું જ નહિ, સર્ક્યુલર ઈકોનોમીને વેગ આપવા ચાર 'ઈ' રિડ્યુસ, રિયુઝ, રિસાયકલ અને રિકવર પર ફોકસ કર્યું છે.

તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં જ્યારે અર્બનાઈઝેશનને પડકાર ગણવામાં આવતો હતો ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ૨૦૦૫માં શહેરી વિકાસ વર્ષની શરૂઆત કરાવી હતી. આપણી વિરાસતને અનુરૂપ અર્બન ડેવલોપમેન્ટ મોડલ વિકસાવવા માટેની મૂળભૂત માળખાકીય સુવિધા નિર્માણનો મજબૂત પાયો તેમણે નાખ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, જો વિઝનરી લિડરશીપ હોય અને વિકાસ માટેના કમિટમેન્ટ સાથે નાણાંની કોઈ કમી ના હોય તો કેટલી સ્પીડથી અર્બન ડેવલપમેન્ટ કરી શકાય તેનું શ્રેષ્ઠ ઉદાહરણ ગુજરાતે શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં આ શહેરી વિકાસ વર્ષથી પૂરું પાડ્યું છે.

શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ની બે દાયકાની એ સફળતાને પગલે મોર્ડન અર્બન ટ્રાન્સફોર્મેશનમાં મોટું પરિવર્તન આવ્યું છે. આ ટ્રાન્સફોર્મેશનને વધુ ગતિ આપવા રાજ્ય સરકારે સર્વ સ્પર્શી, સર્વ પોષક અને સર્વ સમાવેશી નગરોના વિકાસની નેમ પાર પાડવા ૨૦૨૫ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવ્યું છે એમ તેમણે કહ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ના ઉપલક્ષ્યમાં અમદાવાદમાં આયોજિત કાર્યક્રમમાં રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને એક સાથે એક જ મંચ પરથી કુલ ૨૮૦૦ કરોડ રૂપિયાની રકમના ચેકો વિવિધ સર્વાંગી વિકાસ કામો માટે અર્પણ કર્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, શહેરી વિકાસ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ અને રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાની ઉપસ્થિતિમાં આ ચેક અર્પણ અંતર્ગત રાજ્યની ૮ મહાનગરપાલિકાઓને કુલ ૨૧૩૨ કરોડ રૂપિયા તથા નવી રચાયેલી ૯ મહાનગરપાલિકાઓને પ્રત્યેકને રૂ. ૪૦ કરોડ મુજબ કુલ ૩૬૦ કરોડ રૂપિયાની રકમ માળખાકીય વિકાસ કામો માટે આપી હતી. આ ઉપરાંત રાજ્યની ૧૫૨ નગરપાલિકાઓને કુલ ૩૦૮ કરોડ રૂપિયા મળીને સમગ્રતયા ૨૮૦૦ કરોડ રૂપિયા વિકાસ કાર્યો માટે આપ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ નગરપાલિકાઓને વિકાસ કામોના આયોજનમાં નાણાંની કોઈ તંગી ન રહે તેવું જે ફાયનાન્સિયલ મેનેજમેન્ટ સરકારે કર્યુ છે તેની ભૂમિકા આપતાં જણાવ્યું કે, વધુને વધુ નાણાં લોકોના વિકાસ કામો માટે કેમ વાપરી શકાય તેની ક્ષમતા હવે નગરપાલિકાઓએ હવે વધારવાની છે. તેમણે વિકાસના કામોમાં ગુણવત્તાને અને સ્વચ્છતાને પ્રાયોરિટી આપવાનું પ્રેરક સૂચન કરતાં ઉમેર્યુ કે, સ્વચ્છતા એ સૌનો સહજ સ્વભાવ બની ગયો છે ત્યારે એ માટેના વધુ ઈનિસ્યેટિવ લેવાનું દાયિત્વ નગરપાલિકા-મહાનગર પાલિકાઓએ નિભાવવાનું છે.

આપણા ૬ શહેરોએ સ્વચ્છ સર્વેક્ષણમાં નોંધપાત્ર પ્રગતિથી રાષ્ટ્રીય સ્તરે સ્થાને મેળવ્યું છે તે લિગસી ને આગળ વધારવા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટમાં બધા જ શહેરોને લિડ લેવાનો અને વોર્ડ દીઠ કચરાનું ૧૦૦ ટકા સેગ્રીગેશન કરવાનો તથા નગરપાલિકાઓમાં વીજ બિલની બચત માટે ગ્રીન ક્લિન સોલાર એનર્જીનો ઉપયોગ વધારવાનો શ્રી ભૂપેન્દ્ર પટેલે અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ ૨૦૪૭ના વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણનો રોડમેપ "અર્નિંગ વેલ અને લિવિંગ વેલ"ના સંકલ્પ સાથે તૈયાર કરવામાં આવ્યો છે તેમ જણાવતા કહ્યું કે, ૨૦૪૭ના વિકસિત ભારત પહેલાં ૨૦૩૫માં ગુજરાતની સ્થાપનાના ૭૫ વર્ષ ઉજવાય ત્યાં સુધીમાં આપણા શહેરોને દેશમાં ઉત્કૃષ્ઠ સુવિધાયુક્ત શહેરો બનાવવાની તક છે.

તેમણે સિટિઝન સેન્ટ્રીક ઈ-સર્વીસીસ અને મોબાઈલ ગવર્નન્સનો વ્યાપ વધારીને બધા જ શહેરોમાં ટેક્ષ કલેક્શન, વીજ બિલ સહિતના બિલોના પેમેન્ટ માટે યુ.પી.આઈ.ના ઉપયોગને વેગ મળે તે જોવાનો પણ અનુરોધ મહાનગરપાલિકાઓ-નગરપાલિકાઓને કર્યો હતો.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આ પ્રસંગે શહેરી વિકાસ માટે એક જ સ્થળેથી રાજ્યભરની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને ચેક અર્પણ કરવાના આ કાર્યક્રમ બદલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે ઉમેર્યું કે મુખ્યમંત્રીશ્રી પ્રજાની સમસ્યાઓ અને તકલીફોના સમાધાન માટે સતત પ્રયાસરત રહે છે.

તેમણે કહ્યું કે મહેસૂલ અને શહેરી વિકાસ ક્ષેત્રે સમસ્યાઓનાં ઉકેલ શોધવા મુખ્યમંત્રીશ્રીએ સતત પ્રયાસરત રહીને જન સુખાકારીના અનેકવિધ કાર્યો પૂર્ણ કરાવ્યા છે. એમના જ કાર્યકાળમાં આજે અનેક શહેરો એ દેશમાં સ્વચ્છતામાં આગળ આવીને મહત્ત્વપૂર્ણ સ્થાન મેળવ્યું છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે ત્રણ દાયકા પહેલાંની સરકારોના સમયમાં નાગરિકોએ માળખાગત સુવિધાઓના અભાવે સતત તકલીફોમાં જીવવું પડતું હતું. પરંતુ, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી તરીકે શાસનધૂરા સંભાળ્યા બાદ ગુજરાતનાં શહેરો અને જિલ્લાઓ સતત વિકાસપથ પર તેજ ગતિથી આગળ વધ્યાં છે અને આજે સમગ્ર દેશ વિકાસની આ તેજ ગતિ જોઈ રહ્યો છે.


નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક


RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# કાંદિવલી અને બોરીવલી વચ્ચે છઠ્ઠી લાઇનના કમીશનીંગના સંબંધમાં નોન-ઈન્ટરલોકિંગ કાર્ય હેતુ બ્લોકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે

પશ્ચિમ રેલવે દ્વારા કાંદિવલી અને બોરીવલી સ્ટેશનો વચ્ચે છઠ્ઠી લાઇનના કમીશનીંગ સંબંધમાં નોન-ઇન્ટરલોકિંગ કાર્ય હેતુ ૨૦ ડિસેમ્બર, ૨૦૨૫થી ૩૦ દિવસનો બ્લોક લેવામાં આવશે. આના કારણે અમદાવાદ મંડળ પર થી દોડતી/પસાર થતી કેટલીક ટ્રેનોને પ્રભાવિત રહેશે. જેની વિગતો નીચે મુજબ છેઃ

આંશિક રદ ટ્રેનોઃ-

● ટ્રેન નં. ૧૯૪૧૮ અમદાવાદ-બોરીવલી એક્સપ્રેસ ૧૯ ડિસેમ્બરથી ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ સુધી વસઈ રોડ પર શોર્ટ ટર્મિનેટ થશે અને વસઈ રોડ અને બોરીવલી વચ્ચે આંશિક રીતે રદ્દ રહેશે.

● ટ્રેન નં. ૧૯૪૧૭ બોરીવલી-અમદાવાદ એક્સપ્રેસ ૨૧ ડિસેમ્બરથી ૩૦ ડિસેમ્બર ૨૦૨૫ સુધી વસઈ રોડથી શોર્ટ ઓરીજીનેટ થશે અને વસઈ રોડ અને બોરીવલી વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

રિશેડ્યૂલ ટ્રેનો

● ટ્રેન નં. ૧૨૯૦૨ અમદાવાદ-દાદર ગુજરાત મેલ અમદાવાદ થી ૨૭ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ ૦૧ કલાક, ૧૦ અને ૧૫ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ ૪૫ મિનિટ અને ૧૬ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ ૩૦ મિનિટ રિશેડ્યૂલ થશે.

● ટ્રેન નં. ૨૨૯૫૩ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ ગુજરાત સુપરફાસ્ટ એક્સપ્રેસ મુંબઈ સેન્ટ્રલ થી ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ ૦૧ કલાક ૩૫ મિનિટ, ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ ૩૦ મિનિટ, ૧૬ અને ૧૭ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ ૫૦ મિનિટ રિશેડ્યુલ થશે.

● ટ્રેન નંબર ૨૦૯૦૧ મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ મુંબઈ સેન્ટ્રલથી ૦૧.૦૦ કલાક રિશેડ્યુલ થશે.

બોરીવલી સ્ટેશન પર સ્ટોપેજ ના કરનારી ટ્રેનો

● ટ્રેન નંબર ૨૨૯૨૮ અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ લોકશક્તિ એક્સપ્રેસ ૨૭ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ બોરીવલી સ્ટેશન પર રોકાશે નહીં, આ દરમિયાન ટ્રેન વસઈ રોડ અને અંધેરી સ્ટેશનો પર રોકાશે અને ૪૫-૫૦ મિનિટ મોડી પહોંચશે.

● ટ્રેન નંબર ૨૨૯૪૬ ઓખા-મુંબઈ સેન્ટ્રલ સૌરાષ્ટ્ર મેલ ૨૭ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ બોરીવલી સ્ટેશન પર રોકાશે નહીં, આ દરમિયાન તે વસઈ રોડ અને અંધેરી સ્ટેશનો પર રોકાશે અને ૪૫-૫૦ મિનિટ મોડી પહોંચશે. મુસાફરોને ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરવા વિનંતી છે. ટ્રેનના સ્ટોપેજ, સમય અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# ગુજરાત સરકારે ગેરકાયદેસર બાંધકામો ધરાવતા ધારકોને આપી રાહત : ઈમ્પેક્ટ ફી ભરવાની મુદતમાં ૬ મહિનાનો કર્યો વધારો



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ગેરકાયદેસર બાંધકામો ધરાવતા મિલ્કત ધારકો માટે સરકારે રાહત આપી છે, ગુજરાત અનધિકૃત વિકાસ નિયમિત કાયદા ૨૦૨૨ હેઠળ ઈમ્પેક્ટ ફી ભરીને બાંધકામ કાયદેસર કરવાની જે સમય મર્યાદા આજે એટલે કે ૧૭ ડીસેમ્બર ૨૦૨૫ ના રોજ પુરી થઈ હતી તેને સરકારે વધુ ૬ મહિના માટે લંબાવી દીધી છે. હવે નાગરીકો ૧૬ જુન ૨૦૨૬ સુધી પોતાની અરજી કરી શકશે, સરકારના આ નિર્ણય પાછળનો મુખ્ય હેતુ એવા લોકોને તક આપવાનો છે જેઓ હજુ સુધી વહિવટી પ્રક્રિયા કે અન્ય કારણોસર પોતાની મિલ્કત નિયમિત કરાવી શકયા નથી. આંકડાકીય માહિતી મુજબ માત્ર અમદાવાદ મહાનગર પાલિકામાં જ અત્યાર સુધી ૮૨ હજાર જેટલી અરજીઓ આવી છે. જેમાંથી ૨૪ હજાર અરજીઓનો નિકાલ કરીને બાંધકામોને કાયદેસર મંજુરી આપી દેવામાં આવી છે, આ કાયદો ૧ ઓક્ટોબર ૨૦૨૨ પહેલા થયેલા બાંધકામો માટે જ અમલી રહેશે.

# સુશાસનથી અંત્યોદય ઉત્થાનઃ રાજ્ય સરકારે છેલ્લા ૫ વર્ષમાં અનુસૂચિત જાતિની ૫૨ હજારથી વધુ દીકરીઓનું મામેરૂં ભર્યું

**છેલ્લા પાંચ વર્ષમાં ૫૨ હજારથી વધુ અનુસૂચિત જાતિની દીકરીઓને રૂ. ૬૦ કરોડથી વધુની સહાય પુનઃ લગ્નના કિસ્સામાં પણ દીકરીઓને આ યોજનાનો લાભ મળી રહ્યો છે**

સુશાસનનો અર્થ માત્ર નીતિઓ બનાવવી જ નહીં, પરંતુ તે નીતિઓને સમાજના છેવાડાના નાગરિક સુધી પારદર્શિતા અને સંવેદનશીલતાથી પહોંચાડવી એ પણ છે. આ જ ભાવના સાથે કાર્યરત ગુજરાત સરકારની મહત્વની યોજના એટલે 'કુંવરબાઈનું મામેરું'. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સુશાસનમાં રાજ્ય સરકાર દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં ૫૨,૦૦૦થી વધુ અનુસૂચિત જાતિની દીકરીઓને રૂ. ૬૦ કરોડથી વધુની સહાય આપવામાં આવી છે. મહત્વનું છે કે, પુનઃ લગ્નના કિસ્સામાં પણ દીકરીઓને આ યોજનાનો લાભ આપીને સુશાસનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

દીકરી એ લક્ષ્મીનું સ્વરૂપ છે અને તેનું કન્યાદાન એટલે કે, દીકરીના લગ્ન એ પરિવાર માટે સૌથી મોટો ઉલ્લાસનો અવસર છે. આ પવિત્ર પ્રસંગે અનુસૂચિત જાતિના પરિવારોને આર્થિક ચિંતામાંથી મુક્ત કરવા માટે, ગુજરાત સરકારની મહત્વાકાંક્ષી કુંવરબાઈનું મામેરું યોજના વરદાનરૂપ સાબિત થઈ રહી છે.

આ યોજના માત્ર નાણાકીય સહાય નથી, પરંતુ સમાજના આ વર્ગની દીકરીઓને આત્મસન્માન સાથે લગ્ન જીવન શરૂ કરવા માટેનું પ્રોત્સાહન છે. દીકરીના લગ્નને ભારરૂપ નહીં પણ આનંદનો અવસર બનાવવામાં આ યોજનાએ પાયાની ભૂમિકા ભજવી છે. કુંવરબાઈનું મામેરું યોજનાનો મુખ્ય ઉદ્દેશ અનુસૂચિત જાતિના જરૂરિયાતમંદ પરિવારોને તેમની દીકરીના લગ્ન પ્રસંગે થતા ખર્ચમાં મદદરૂપ થવાનો છે. દીકરીના લગ્ન પ્રસંગે રૂ. ૧૨,૦૦૦ની સહાય DBT દ્વારા સીધી લાભાર્થીના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે.

યોજનાનો લાભ વધુને વધુ જરૂરિયાતમંદ પરિવારો સુધી પહોંચે તે માટે સરળ માપદંડ નક્કી કરવામાં આવ્યા છે. જેમાં શહેરી અને ગ્રામીણ બંને વિસ્તાર માટે રૂ. ૬ લાખની આવક મર્યાદા નક્કી કરવામાં આવી છે. એક કુટુંબમાં વધુમાં વધુ બે દીકરીઓના લગ્ન માટે આ યોજનાનો લાભ આપવામાં આવે છે. જેમાં દીકરીની વય ૧૮ વર્ષ અને દીકરાની વય ૨૧ વર્ષ હોવી જરૂરી છે.

ગુજરાત સરકારે અરજીની પ્રક્રિયાને ઝડપી અને પારદર્શી બનાવવા માટે તમામ અરજીઓ ઓનલાઈન માધ્યમથી સ્વીકારવાનું શરૂ કર્યું છે. પાત્રતા ધરાવતા નાગરિકો લગ્નના બે વર્ષની અંદર http://esamajkalyan.gujarat.gov.in પોર્ટલ પર સરળતાથી ઓનલાઈન અરજી કરી શકે છે.

લાભાર્થીને આ યોજના અંતર્ગત સીધો લાભ મળે છે. દીકરીનો પરિવાર સન્માન સાથે લગ્નવિધિ કરી શકે તે માટે આ સહાય આપવામાં આવે છે. આ સહાય ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને લગ્નના આયોજન, ખરીદી અને અન્ય ખર્ચાઓના આર્થિક બોજમાંથી રાહત આપે છે. આ યોજના દ્વારા મળતી સહાય દીકરીને આત્મસન્માન અને ગૌરવ સાથે પોતાનું નવું જીવન શરૂ કરવામાં મદદરૂપ થાય છે. કુંવરબાઈનું મામેરું યોજના એ વાતનો પુરાવો છે કે કેવી રીતે અસરકારક અને સંવેદનશીલ શાસન ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોના જીવનમાં આનંદ અને આત્મસન્માન લાવી શકે તે જ સાચુ સુશાસન છે. - ઋચા

# સરકારની નિષ્ફળતા ? ગુજરાતમાં કરોડો રૂપીયાનુ આંધણ કરવા છતાં બાળમૃત્યુ દર અન્ય રાજયો કરતા ડબલ



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકાર દ્વારા કુપોષણમુકત ગુજરાત બનાવવા માટે દર વરસે બજેટમાં લાખો કરોડો રૂપીયાની જોગવાઈ કરવામાં આવે છે તેમ છતાં વાસ્તવિકતા કંઈક અલગ જ ચિત્ર રજુ કરી રહી છે,

તાજેતરના આંકડા મુજબ અન્ય રાજયોની સરખામણીએ ગુજરાતમાં શીશુ અને બાળમૃત્યુ દર હજુ પણ ઘણો ઉંચો છે, રાજયમાં ૫ વરસથી ઓછી વયના દર ૧ હજાર બાળકો દીઠ ૨૩ નવજાત શીશુઓ મોતને ભેટી રહ્યા છે.

આ પરીસ્થિતિ સરકારની બાળ સખા અને જનની સુરક્ષા જેવી યોજનાઓની અસરકારકતા સામે સવાલો ઉભા કરે છે.

આરોગ્ય ક્ષેત્રે હરણફાળ ભરવાના દાવાઓ વચ્ચે ગુજરાતનુ પ્રદર્શન કેરળ(૮ ટકા) અને તામિલનાડુ (૧૩ ટકા) જેવા રાજયો કરતા નબળુ રહ્યુ છે, કેરળમાં બાળમૃત્યુ દર માત્ર ૪ ટકા જ છે. જયારે ગુજરાતમાં આ આંકડો ૧૫ ટકાએ પહોચ્યો છે. નિષ્ણાંતોના મતે સરકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોચવાને બદલે માત્ર કાગળ પર અથવા મળતીયાઓ પુરતો સિમિત રહેતો હોવાથી ધાર્યા પરીણામો મળી રહ્યા નથી, કુપોષણ નાબુદી માટે ખર્ચાતા કરોડો રૂપીયા સામે નવજાત શીશુઓના જીવ બચાવવામાં ગુજરાત સરકાર નિષ્ફળ ગયુ હોય તેવુ જાણવા મળી રહ્યુ છે.

## રામસર દરજ્જા સાથે ખીજડિયા અભયારણ્ય ગુજરાતના ટકાઉ વિકાસનું જીવંત ઉદાહરણ

# ૫૨,૪૦૦ મુલાકાતીઓ સાથે ખીજડિયાએ મજબૂત કરી ગુજરાતની ઈકો-ટુરિઝમ ઓળખ

### વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ (VGRC) માં ગુજરાતની ઈકોલોજીકલ શ્રેષ્ઠતા તરીકે ઉભરી આવશે ખીજડિયા પક્ષી અભયારણ્ય

ખીજડિયા પક્ષી અભયારણ્ય એ વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ૫૨,૪૦૦થી વધુ પ્રવાસીઓને આકર્ષીને ગુજરાતના ઈકો-ટુરિઝમ ક્ષેત્રમાં પોતાની વિશિષ્ટ ઓળખ વધુ મજબૂત કરી છે. રાજ્યમાં વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ (VGRC) માટે તૈયારીઓ ચાલી રહી છે ત્યારે આ અભયારણ્ય ગુજરાતની પર્યાવરણીય શ્રેષ્ઠતા અને ટકાઉ વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ બની રહ્યું છે.

VGRC ૨૦૨૬ પહેલાં, જામનગર નજીક આવેલું ખીજડિયા રામસર સ્થળ ગુજરાતના મહત્વપૂર્ણ કુદરતી સીમાચિહ્ન તરીકે ઊભરી આવ્યું છે. કચ્છ અને સૌરાષ્ટ્ર પ્રદેશો આજે રાજ્યના અગ્રણી પ્રવાસન કેન્દ્રો તરીકે વિકસી રહ્યા છે, જ્યાં કુદરતી લેન્ડસ્કેપ, વન્યજીવન, દરિયાકાંઠાની સુંદરતા, આધ્યાત્મિક સ્થળો અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાનું અનોખું સંયોજન જોવા મળે છે. સફેદ રણથી લઈને સૌરાષ્ટ્રના તીર્થધામો, દરિયાકિનારા અને અભયારણ્યો સુધીનો પ્રવાસ અનુભવ પ્રવાસીઓને વૈવિધ્યસભર અને યાદગાર અનુભવો આપે છે.

૬૦૦ હેક્ટરથી વધુ વિસ્તારમાં ફેલાયેલું ખીજડિયા પક્ષી અભયારણ્ય મીઠા અને ખારા પાણીના દુર્લભ સંગમ માટે વિશેષ ઓળખ ધરાવે છે. આ અનોખું ઈકોલોજીકલ બંધારણ પક્ષીઓ માટે વૈવિધ્યસભર નિવાસસ્થાન પૂરું પાડે છે. ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના આંકડા મુજબ, વર્ષ ૨૦૨૩–૨૪ દરમિયાન અહીં ૩૧૭ પક્ષી પ્રજાતિઓ નોંધાઈ હતી, જે ૨૦૨૪–૨૫માં વધીને ૩૩૨ થઈ છે, જે અભયારણ્યની સતત વિકસતી જૈવવિવિધતાની સાબિતી આપે છે.

આ પર્યાવરણીય સમૃદ્ધિને વૈશ્વિક માન્યતા મળી છે અને વર્ષ ૨૦૨૨માં ખીજડિયાને આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતી જળભૂમિ તરીકે રામસર સ્થળનો દરજ્જો પ્રાપ્ત થયો હતો. રાજ્ય સરકાર દ્વારા મુલાકાતીઓ માટે આધુનિક સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે, જેમાં વોચ ટાવર, વન-કુટીરો, પક્ષી નિરીક્ષણ પ્લેટફોર્મ, અર્થઘટન કેન્દ્ર, સેલ્ફી પોઈન્ટ અને માહિતીસભર સાઈનબોર્ડનો સમાવેશ થાય છે.

અભયારણ્યની મુખ્ય તાકાત તેની નિવાસસ્થાનની વૈવિધ્યતામાં છે, જ્યાં મીઠા પાણીનો પ્રવાહ દરિયાકાંઠાની ભરતી સાથે મળીને પાળા અને ખાડાઓ સર્જે છે. આ કુદરતી વ્યવસ્થા વન્યજીવન માટે અનુકૂળ સૂક્ષ્મ નિવાસસ્થાનો બનાવે છે અને આ સુવિધાઓ ખીજડિયાને ભારતના સૌથી જીવંત પક્ષી સ્થળોમાંનું એક બનાવે છે. સાથે સાથે, આ ગુજરાતની ભીની જમીન સંરક્ષણ માટેના વૈજ્ઞાનિક અને આયોજનબદ્ધ અભિગમને પણ મજબૂત બનાવે છે.

રાજકોટમાં ૧૦, ૧૧ અને ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ (VGRC)ની પૂર્વ તૈયારીના સમયમાં, ખીજડિયા પક્ષી અભયારણ્ય ગુજરાતના સંકલિત વિકાસ મોડેલનું કુદરતી ઉદાહરણ બની રહ્યું છે, જ્યાં પર્યાવરણીય સંરક્ષણ અને આર્થિક વિકાસ એકસાથે આગળ વધે છે. પ્રદેશની સમૃદ્ધ જૈવવિવિધતા કૃષિ, પ્રવાસન, આબોહવા સ્થિતિસ્થાપકતા અને ટકાઉ માળખાકીય વિકાસ જેવી રાજ્યની મુખ્ય પહેલોને પૂરક છે, જે VGRC દરમિયાન મુખ્ય કેન્દ્રબિંદુ રહેશે. ખીજડિયા પક્ષી અભયારણ્યની સફળતાની આ ગાથા ગુજરાતના "સમૃદ્ધિ સાથે ટકાઉપણું"ના વિઝન સાથે ગાઢ રીતે જોડાયેલી છે અને આવનારા પ્રાદેશિક જોડાણ મંચ માટે એક મજબૂત આધારસ્તંભ રૂપે ઉભરી આવે છે.

# અલ્ઝાઈમર સંશોધનમાં ગાંધીનગર સ્થિત GBUની વૈશ્વિક સિદ્ધિઃ માતૃત્વ અને વિજ્ઞાનનો અનોખો સંગમ



Dr. Jiban Jyoti Panda, Dr. Ashok Kumar Datusalia & Dr. Nisha Singh

અલ્ઝાઈમર રોગના સંશોધન ક્ષેત્રે થયેલા એક મોટા બ્રેકથ્રુએ ગાંધીનગર સ્થિત ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી-GBUના બાયોઈન્ફોર્મેટિક્સ વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. નિશા સિંઘને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ અપાવી છે. ભારત સરકાર દ્વારા તાજેતરમાં આ સિદ્ધિની વિશેષ નોંધ લેવામાં આવી છે. આ સફળતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત @ ૨૦૪૭' ના વિઝનને પ્રતિબિંબિત કરે છે, જ્યાં વિજ્ઞાન, નવીનતા અને મહિલા સંચાલિત સંશોધન ભારતની પ્રગતિનું ચાલકબળ બની રહ્યા છે.

ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી એ વિશ્વની પ્રથમ યુનિવર્સિટી છે જે સંપૂર્ણપણે બાયોટેકનોલોજી ક્ષેત્રે સમર્પિત છે. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં તેમજ વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના નેતૃત્વમાં આ યુનિવર્સિટી સંશોધન-આધારિત શિક્ષણ અને ઉદ્યોગસાહસિકતા પર કાર્ય કરી રહી છે.

સંશોધનની વિશેષતાઃ

પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય જર્નલ 'Small' (Wiley દ્વારા પ્રકાશિત, Impact Factor 12.1) માં પ્રકાશિત થયેલ આ અભ્યાસ, અલ્ઝાઈમર રોગ માટે એક નવીન 'મલ્ટીફંક્શનલ નેનોપાર્ટિકલ-આધારિત' ઉપચાર પદ્ધતિ રજૂ કરે છે. સામાન્ય સારવાર પદ્ધતિઓથી વિપરીત, આ નવી વ્યૂહરચના મગજમાં ઝેરી પ્રોટીનનો જમાવડો રોકવા, ન્યુરોનલ ડેમેજ (ચેતાકોષોને નુકસાન), સોજા (Inflammation) ઘટાડવા અને મગજની મરમ્મત જેવા પાસાઓ પર એકસાથે કામ કરે છે. ડૉ. નિશા સિંઘે આ પ્રોજેક્ટમાં કોમ્પ્યુટેશનલ મોડેલિંગ અને બાયોઈન્ફોર્મેટિક્સ વિશ્લેષણ દ્વારા નેનોપાર્ટિકલ્સ મગજના હાનિકારક 'એમીલોઈડ-બીટા પ્લેક્સ'ને કેવી રીતે તોડે છે તે સાબિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. આ સંશોધન INST મોહાલીના ડૉ. જીબન જ્યોતિ પાન્ડાના નેતૃત્વમાં કરવામાં આવ્યું હતું, જેમાં NIPER રાયબરેલીના ડૉ. અશોક કુમાર અને જીબીયુના ડૉ. નિશા સિંઘનો મહત્વનો સહયોગ રહ્યો છે.

માતૃત્વ અને વિજ્ઞાનનો સમન્વયઃ ડૉ. નિશા સિંઘની સિદ્ધિ પાછળની તેમની વ્યક્તિગત સફર અત્યંત પ્રેરણાદાયક છે. તેમણે તેમની ગર્ભાવસ્થાના પડકારજનક સમયગાળા દરમિયાન પણ આ સંશોધન કાર્ય અવિરત ચાલુ રાખ્યું હતું. માતૃત્વ અને ઉચ્ચ સ્તરીય વૈજ્ઞાનિક જવાબદારી વચ્ચે સંતુલન જાળવીને તેમણે સાબિત કર્યું છે કે સ્ત્રી શક્તિ માટે કોઈ મર્યાદા નથી. તેમની આ સફર દેશની હજારો યુવા મહિલા વૈજ્ઞાનિકો માટે એક શક્તિશાળી સંદેશ આપે છે.તાજેતરમાં જ ફ્રેન્ચ એમ્બેસી (ફ્રેન્ચ ઈન્સ્ટિટ્યૂટ ઈન ઈન્ડિયા) દ્વારા ડૉ. સિંઘને 'Scientific High-Level Visiting Fellowship (SSHN) ૨૦૨૫' એનાયત કરવામાં આવી હતી, જેમાં દેશભરના તમામ વિષયોના ટોચના ૫૦ વૈજ્ઞાનિકોમાં તેમની પસંદગી થઈ હતી. તેઓ તેમના સાત મહિનાના બાળક સાથે પેરિસ (INRAE–IJPB) ની બે અઠવાડિયાની વૈજ્ઞાનિક મુલાકાતે ગયા હતા, જે તેમની વિજ્ઞાન પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા દર્શાવે છે.વધુમાં, તેમને કૃષિ ક્ષેત્રે તુવેરની જાતોમાં પ્રોટીન અને પોષક તત્વો વધારવાના સંશોધન માટે 'IGSTC-WISER 2025' ગ્રાન્ટ પણ પ્રાપ્ત થઈ છે.

અદભૂત શૈક્ષણિક કારકિર્દીઃ ડૉ. નિશા સિંઘે પ્લાન્ટ જેનોમિક્સમાં PhD કર્યું છે અને અમેરિકાની પ્રતિષ્ઠિત કોર્નેલ યુનિવર્સિટી ખાતે પોસ્ટ-ડોક્ટરલ સંશોધન પૂર્ણ કર્યું છે. તેઓ ૬૫ થી વધુ ઉચ્ચ પ્રભાવશાળી સંશોધન પ્રકાશનો, ૩ પેટન્ટ અને ૪ વૈજ્ઞાનિક પુસ્તકોના સંપાદક છે. તેમને INSA યંગ સાયન્ટિસ્ટ મેડલ અને NASI યંગ સાયન્ટિસ્ટ પ્લેટિનમ જુબિલી એવોર્ડ સહિત ૩૦થી વધુ સન્માન મળ્યા છે. આઝાદીના અમૃતકાળમાં, ડૉ. નિશા સિંઘ જેવા વૈજ્ઞાનિકોનું યોગદાન ભારતને 'નોલેજ ઈકોનોમી' બનાવવામાં મહત્વનું છે. જ્યારે વિજ્ઞાનમાં મહિલાઓ નેતૃત્વ કરે છે, ત્યારે ખરેખર રાષ્ટ્ર પ્રગતિના નવા શિખરો સર કરે છે તેમ, GBUના નાયબ કુલ સચિવ શ્રી વિમલ શાહ દ્વારા જણાવાયું છે. - જનક દેસાઈ

## ગુજરાતમાં આગામી સમયમાં થશે તુવેરની ટેકાના ભાવે ખરીદી

# તુવેરના વેચાણ માટે ખેડૂતો તા. ૨૨ ડિસેમ્બરથી ૨૧ જાન્યુઆરી-૨૦૨૬ સુધી ઓનલાઇન નોંધણી કરાવી શકશેઃ પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. તેમના માર્ગદર્શન હેઠળ બેઠકમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણય અંગે મીડિયાને માહિતી આપતા પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ સાથે આર્થિક રક્ષણ પણ મળી રહે તે માટે આગામી સમયમાં ટેકાના ભાવે તુવેર પાકની ખરીદી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રવક્તા મંત્રીશ્રીએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, રાજ્યના ખેડૂતો નિશ્ચિંત થઈને પાકોનું વાવેતર કરી શકે તે માટે ભારત સરકાર દ્વારા વાવેતર શરૂ થાય તે પહેલા જ ટેકાના ભાવ જાહેર કરવામાં આવે છે. જે અંતર્ગત ચાલુ વર્ષે તુવેર માટે ભારત સરકારે રૂ. ૮,૦૦૦ પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કર્યો છે. બજાર ભાવ કરતા ટેકાનો ભાવ વધુ જાહેર થતા રાજ્યના ખેડૂતોએ તુવેરનું પુષ્કળ વાવેતર કર્યું છે. રાજ્યમાં તુવેરના કુલ વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને ભારત સરકાર દ્વારા ઉત્પાદનના ૧૦૦ ટકા જથ્થા મુજબ ખરીદી કરવાનું આયોજન કરવા નિર્ણય કરવામાં આવ્યો છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. વધુમાં વધુ ખેડૂતોને ટેકાના ભાવે તુવેર પાકનું વેચાણ કરવા અનુરોધ કરતા મંત્રી શ્રી વાઘાણીએ કહ્યું હતું કે, તુવેરની ટેકાના ભાવે ખરીદી કરવા માટે રાજ્યના તમામ જિલ્લાના ખેડૂતો આગામી તા. ૨૨ ડિસેમ્બરથી ૨૧ જાન્યુઆરી-૨૦૨૬ દરમિયાન ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે આધાર ઓથેન્ટીકેશન અથવા ફેસ ઓથેન્ટીકેશન દ્વારા ફઝઈ મારફત ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર ઓનલાઈન નોંધણી કરી શકશે. - નિતિન રથવી

## અત્યાર સુધીમાં ૨૩.૧૮ લાખ ખેડૂતોને સહાય આપવા માટે કુલ રૂ. ૬૮૯૦.૯૮ કરોડના ઓનલાઇન બીલો તૈયાર કરાયા

# કમોસમી વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓના કુલ ૧૭.૯૨ લાખ ખેડૂતોને અત્યાર સુધીમાં રૂ. ૫,૩૩૦ કરોડથી વધુ સહાય ચૂકવાઈઃ પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

### રાજ્યના કુલ ૪.૭૫ લાખ ખેડૂતો પાસેથી અત્યાર સુધીમાં રૂ. ૭,૫૩૭ કરોડના મૂલ્યની ૧૦.૪૯ લાખ મે.ટન મગફળી, મગ, અડદ અને સોયાબીનની ખરીદી કરાઈઃ ખરીદી સામે આજ દિન સુધીમાં કુલ ૨.૧૮ લાખ ખેડૂતોને રૂ. ૩,૪૬૮ કરોડની સહાય ચૂકવણી કરાઈ

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં આજે રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ કૃષિ રાહત પેકેજ અને ટેકાના ભાવે ખરીદીની પ્રગતિની સમીક્ષા કરી હતી. જે અંગે વિગતો આપતા પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ભારે વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓ માટે ખૂબ જ ટૂંકા ગાળામાં બે અલગ ઐતિહાસિક કૃષિ રાહત પેકેજ જાહેર કર્યા હતા. આ બંને રાહત પેકેજ હેઠળ ખેડૂતોને સહાય આપવા માટે અત્યાર સુધીમાં ૨૩.૧૮ ખેડૂતોના કુલ રૂ. ૬૮૯૦.૯૮ કરોડના ઓનલાઇન બીલો તૈયાર કરવામાં આવ્યા છે. જે પૈકી આજની સ્થિતિએ કુલ ૧૭.૯૨ લાખ ખેડૂતોને કુલ રૂ. ૫૩૩૦.૪૩ કરોડથી વધુની સહાય સીધી તેમના બેંક ખાતામાં ચૂકવવામાં આવી છે. પ્રવક્તા મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, કમોસમી વરસાદની અણધારી આફતમાં ખેડૂતોને સહાયરૂપ થવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે રેકોર્ડ બ્રેક સમયમાં રૂ. ૧૧ હજાર કરોડથી વધુ મૂલ્ય બે ઐતિહાસિક કૃષિ રાહત પેકેજ જાહેર કર્યા હતા. જે અંતર્ગત સહાય મેળવવા માટે રાજ્યના કુલ ૩૦.૭૧ લાખથી વધુ ખેડૂતોએ ઓનલાઈન અરજી કરી છે. જેમાં આજદિન સુધીમાં તબક્કાવાર કાર્યવાહી કરી કુલ ૨૬.૬૦ લાખથી વધુ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. વધુમાં પ્રવક્તા મંત્રીશ્રીએ રાજ્યમાં મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ચાલી રહેલ ખરીદીની વિગતો આપતા કહ્યું હતું કે, ચાલુ વર્ષે ટેકાના ભાવે વેચાણ માટે થયેલી નોંધણીમાં ગત વર્ષ કરતાં અઢી ગણો વધારો જોવા મળ્યો છે. મગફળીની ખરીદી માટે રાજ્યના ૧૧૪ તાલુકામાં આશરે ૩૧૭ ખરીદ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં છે. જે કેન્દ્રો મારફત અત્યાર સુધીમાં કુલ ૪.૭૫ લાખ ખેડૂતો પાસેથી રૂ. ૭,૫૩૭ કરોડના મૂલ્યની કુલ ૧૦.૪૯ લાખ મે. ટન મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે. જેની સામે આજદિન સુધીમાં ૨.૧૮ લાખથી વધુ ખેડૂતોને રૂ. ૩,૪૬૮ કરોડની રકમ સીધી તેમના બેંક ખાતામાં ચૂકવી દેવામાં આવી છે. - ઋચા રાવલ

# ઈડરના રેવાસમાં ટ્રિપલ અકસ્માત ભોઈવાડાના ચાર યુવકોનાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા) હિંમતનગર

ઈડર તાલુકાના રેવાસ ગામે સોમવારે મોડી રાત્રે ઈકો કાર, બુલેટ અને રિક્ષા વચ્ચે થયેલ ટ્રીપલ અકસ્માતમાં ગંભીર ઈજાના કારણે ઈડરના ભોઈવાડામાં રહેતા ચાર યુવાનોના કમકમાટી ભર્યા મોત નિપજ્યાં હતા. અકસ્માતને પગલે ઈડરના ભોઈવાડામાં શોક વ્યાપી ગયો હતો. ચારેય મૃતકોની મંગળવારે બપોર બાદ અંતિમ યાત્રા નીકળી હતી. જેમાં લોકોએ ઉપસ્થિત રહી મૃતકોને અશ્રુભિની આંખે શ્રદ્ધાંજલિ આપી હતી. આ અંગે સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ, સોમવારે રેવાસ ગામે આવેલી સમાજવાડી નજીક મજૂરી કામ કરીને ઈડરના ભોઈવાડામાં રહેતા ચાર જણા રિક્ષામાં ઘરે જઈ રહ્યા હતા ત્યારે અહીંથી પસાર થતી ઈકોના ચાલકે રિક્ષાને ટક્કર મારતા ભયંકર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ભયંકર હતો કે રિક્ષાનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. જેથી શરૂઆતમાં અકસ્માતમાં બેઠેલા ચાર પૈકી બે જણાના ઘટનાસ્થળે મોત નીપજ્યાં હતા. જ્યારે અન્ય બે પૈકી એકનું ઈડર સિવિલમાં અને બીજાનું હિંમતનગર સિવિલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ અકસ્માતમાં એક બુલેટ સવાર પણ ઈજાગ્રસ્ત બન્યો હતો. આ ઈજાગ્રસ્ત બડોલી ગામનો હોવાનું સ્થાનિક લોકોનું કહેવું છે. ઈડર પોલીસે ઘટનાસ્થળનું નિરીક્ષણ કરીને ઈકોના ચાલક સામે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

# સાબરકાંઠા જિલ્લાના દિવ્યાંગો માટે તાલુકા કક્ષાએ જાગૃતિ અને ઓનલાઈન ફોર્મ ભરવા માટે કેમ્પ યોજાશે

## હિંમતનગર અને ઈડર તાલુકાનો કેમ્પ ૧૯ ડીસે. મંદ બુધ્ધિ શાળા હિંમતનગર ખાતે યોજાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લામાં પ્રશાસન ગાંવ કી ઔર અભિયાન અંતર્ગત સુશાસન સપ્તાહની ઉજવણીના ભાગરૂપે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના સમાજ સુરક્ષા પ્રભાગ દ્વારા દિવ્યાંગો માટે વિશેષ કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ છે.

આ અભિયાનનો મુખ્ય હેતુ જિલ્લાના દિવ્યાંગ ભાઈ બહેનોને મોટરરાઈઝ ટ્રાઈસિકલ, જોયસ્ટિક વ્હીલચેર, સંત સુરદાસ યોજના તેમજ મનો દિવ્યાંગ પેન્શન યોજના જેવી નવીન યોજનાઓની માહિતી આપવાનો અને તેના ફોર્મ સ્થળ પર જ ઓનલાઈન ભરી આપવાનો છે. જેથી તેઓને જિલ્લા કચેરી સુધી આવવુ ન પડે,

આ આયોજન હેઠળ આગામી તારીખ ૧૯/૧૨/૨૦૨૫ ના રોજ હિંમતનગર અને ઈડર તાલુકા માટે મંદબુધ્ધિવાળા બાળકોની શાળા મોતીપુરા હિંમતનગર ખાતે કેમ્પ યોજાશે, ત્યારબાદ તારીખ ૨૩/૧૨/૨૦૨૫ ના રોજ તલોદ અને પ્રાંતિજ તાલુકાના દિવ્યાંગો માટે જે બી ઉપાધ્યાય બહેરા મુંગા શાળા તલોદ ખાતે તથા તારીખ ૨૪/૧૨/૨૦૨૫ ના રોજ ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર અને વડાલી તાલુકાના લાભાર્થીઓ માટે બીઆરસી ભવન ખેડબ્રહ્મા ખાતે કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ છે. તમામ કેમ્પનો સમય સવારે ૧૦ થી ૧૨:૩૦ કલાક સુધીનો રહેશે.

જિલ્લાના તમામ દિવ્યાંગોને આ કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા અને જરૂરી આધાર પુરાવા સાથે હાજર રહેવા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી દ્વારા જણાવવામાં આવ્યુ છે.

# ગુજરાત સરકાર ટેકાના ભાવે તુવેરની ખરીદી કરશે : તા.૨૨ ડીસે.થી ૨૧ જાન્યુ.૨૦૨૬ સુધી જિલ્લાના ખેડુતો નોંધણી કરાવી શકશે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ગાંધીનગર ખાતે મળેલી કેબિનેટની બેઠકમાં મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગે સરકારી પ્રવકતા જીતુ વાઘાણીએ જણાવ્યુ હતુ કે ખેડુતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ સાથે આર્થિક રક્ષણ મળી રહે તે માટે આગામી સમયમાં ટેકાના ભાવે તુવેર પાકની ખરીદી કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે.

પ્રવકતા મંત્રીએ વધુમાં જણાવ્યુ હતુ કે રાજયના ખેડુતો નિશ્ચિત થઈને પાકોનુ વાવેતર કરી શકે તે માટે ભારત સરકાર દ્વારા વાવેતર શરૂ થાય તે પહેલા જ ટેકાના ભાવ જાહેર કરવામાં આવ્યા છે, જે અંતર્ગત ચાલુ વરસે તુવેર માટે ભારત સરકારે રૂપીયા ૮ હજાર પ્રતિ કિવન્ટલ ટેકાનો ભાવ જાહેર કર્યો છે. બજાર ભાવ કરતા ટેકાનો ભાવ વધુ જાહેર થતા રાજયના ખેડુતોએ તુવેરનુ પુષ્કળ વાવેતર કર્યુ છે. રાજયમાં તુવેરના કુલ વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને ભારત સરકાર દ્વારા ઉત્પાદનના ૧૦૦ ટકા જથ્થા મુજબ ખરીદી કરવાનુ આયોજન કરવા નિર્ણય લેવામાં આવ્યો છે. વધુમાં વધુ ખેડુતોને ટેકાના ભાવે તુવેર પાકનુ વેચાણ કરવા અનુરોધ કરતા મંત્રી વાઘાણીએ કહ્યુ હતુ કે તુવેરની ટેકાના ભાવે ખરીદી કરવા માટે રાજયના તમામ જિલ્લાના ખેડુતો આગામી તારીખ ૨૨ ડીસેમ્બર થી ૨૧ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે આધાર ઓથેન્ટિકેશન અથવા ફેસ ઓથેન્ટિકેશન દ્વારા વીસીઈ મારફતે ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર ઓનલાઈન નોંધણી કરી શકશે.

# ગુજરાત પોલીસ દ્વારા સાયબર ફ્રોડના નાણાં ફ્રિઝ કરવાની ક્ષમતામાં ૩ મહિનામાં ૫૦ ટકાનો વધારો

## ઓપરેશન મ્યુલ હન્ટ અંતર્ગત ૪૯૪ એફઆઈઆર દાખલ કરીને ૩૪૦ આરોપીઓની ધરપકડ : રાજયનુ સાયબર સેન્ટર ઓફ એકસેલન્સ દિવસ રાત કાર્યરત છે



પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકારના પ્રવકતા જીતુભાઈ વાઘાણીએ કેબિનેટ બેઠકમાં સાયબર સુરક્ષા અંગે રાજય સરકારની સતર્કતા અને સફળતા અંગે થયેલી ચર્ચાની માહિતી આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે મુખ્યમંત્રી ના દિશાનિર્દેશમાં અને નાયબ મુખ્યમંત્રી ના નેતૃત્વમાં ગુજરાત પોલીસ દ્વારા સાયબર ફ્રોડમાં જતા નાણાંને ફ્રિઝ કરવાની કામગીરીમાં ખુબ મોટી સફળતા પ્રાપ્ત થઈ છે. સાયબર ક્રાઈમમાં નાણાંકીય છેતરપીંડીનો ભોગ બનતા નાગરીકો માટે ૧૯૩૦ હેલ્પલાઈન આશીર્વાદ રૂપ સાબિત થઈ રહ્યો છે. જયારે કોઈ નાગરીક સાયબર ફ્રોડનો ભોગ બને છે ત્યારે તેની ફરીયાદ મળતા જ સાયબર પોલીસ દ્વારા ત્વરીત કાર્યવાહી કરવામાં આવે છે. આ હેલ્પલાઈન દ્વારા સાયબર ગુન્હેગારના ખાતામાં પહોચતા નાણાંને અધવચ્ચે જ અટકાવી ફ્રિઝ કરી દેવામાં આવે છે. મંત્રીએ વધુમાં કહ્યુ હતુ કે આ કામગીરી માટે રાજયનુ સાયબર સેન્ટર ઓફ એકસેલન્સ દિવસ રાત કાર્યરત છે. છેલ્લા ૩ મહિનામાં સાયબર સેલની કામગીરીમાં અભુતપૂર્વ સફળતા મળી છે. અગાઉની સરખામણીએ ફ્રોડ થયેલા નાણાં ફ્રિજ કરવાની ક્ષમતામાં ૫૦ ટકા જેટલો વધારો નોંધાયો છે. જે રાજયની સુરક્ષા એજન્સીઓની કાર્યક્ષમતા દર્શાવે છે. એટલુ જ નહી ઓપરેશન મ્યુલ હન્ટ અંતર્ગત એક અઠવાડીયામાં રાજયમાં ૪૯૪ એફઆઈઆર દાખલ કરીને ૩૪૦ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ગુજરાત પોલીસના સાયબર ક્રાઈમ દ્વારા કરવામાં આવી રહેલી આ મહત્વપૂર્ણ કામગીરીને મંત્રી મંડળે બિરદાવી હતી. મંત્રીએ નાગરીકોને અપીલ કરતા કહ્યુ હતુ કે જો તમારી સાથે કોઈપણ પ્રકારનો સાયબર ક્રાઈમ કે નાણાંકીય છેતરપીંડી થાય તો સમય વેડફયા વગર તુરંત ૧૯૩૦ નંબર પર કોલ કરો, સમયસર મળેલી જાણકારી તમારા મહેનતના નાણાં બચાવી શકે છે.

# ગુજરાતમાં હવેથી વકફ સંપત્તિઓના વિવાદના કેસમાં પણ કોર્ટ ફી ભરવી પડશેઃ ગુજરાત હાઈકોર્ટ

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાત હાઈકોર્ટે રાજયની વકફ સંપત્તિઓના વિવાદ મામલે એક સીમા ચિન્હરૂપ ચુકાદો આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યુ છે કે હવેથી વકફ બોર્ડ હેઠળ આવતી નાની દરગાહો થી લઈને મોટી મસ્જીદોના સંચાલકોએ ટ્રીબ્યુનલમાં કેસ લડવા માટે (કોર્ટ ફી) ચુકવવી ફરજીયાત રહેશે. અત્યાર સુધી ફી વિના કેસ લડવાની છુટ હતી, જેના પર હવે પુર્ણવિરામ મુકાયુ છે.

ગૃહરાજય મંત્રી હર્ષ સંઘવીએ આ ચુકાદાને વધાવતા કહ્યુ હતુ કે આ નિર્ણયથી સાબિત થાય છે કે તમામ સમાજ કાયદા સમક્ષ એક સમાન છે અને હવે ફ્રી રાઈડ પર રોક લાગશે, ગુજરાત હાઈકોર્ટે રાજયમાં વકફ મિલ્કતોના શાસન અને સંચાલનને લઈને એક મહત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય સંભળાવ્યો છે. અત્યાર સુધી વકફ કાયદામાં ફી અંગે કોઈ સ્પષ્ટતા ન હોવાને કારણે વકફ ટ્રીબ્યુનલમાં ચાલતા કેસોમાં કોઈ કોર્ટ ફી વસુલવામાં આવતી ન હતી. આ જોગવાઈને કારણે કોર્ટમાં કેસોનો ભરાવો થતો હતો, હાઈકોર્ટે આ અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યુ હતુ કે કોઈપણ વાદી કાનુની પ્રક્રિયાથી ઉપર નથી, હવેથી રાજયની કોઈપણ દરગાહ, મસ્જીદ કે વકફ હેઠળની સંપત્તિના વિવાદ માટે કોર્ટ ફી ભરવી પડશે.

આ નિર્ણય સાથે કોર્ટે ૧૫૦ થી વધુ પડતર અરજીઓનો નિકાલ કર્યો છે, જેનાથી ન્યાયીક પ્રક્રિયામાં ઝડપ આવશે, આ ચુકાદા પર રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પોતાની પ્રતિક્રિયા આપતા આ નિર્ણયને આવકાર્યો છે , તેમણે મીડીયા સાથે વાતચીત દરમિયાન જણાવ્યુ હતુ કે ગુજરાત હાઈકોર્ટ દ્વારા સાચા અર્થમાં ઐતિહાસિક ચુકાદો આપવામાં આવ્યો છે. આ નિર્ણય સ્થાપિત કરે છે કે કાયદાની નજરમાં તમામ સમાજ અને તમામ લોકો એક સમાન છે. સંઘવી એ વધુમાં કહ્યુ હતુ કે અત્યાર સુધી અન્ય કોઈપણ ટ્રીબ્યુનલ કેસ લડવા માટે ફી ચુકવવી પડતી હતી. પરંતુ વકફ મિલ્કતોના કેસમાં આ ફી લેવામાં આવતી ન હતી, જે હવે બદલાશે. સંઘવીએ કડક શબ્દોમાં જણાવ્યુ હતુ કે આ નિર્ણયથી વકફ પ્રોપર્ટીના નામે ચાલતી (મફતની સવારી) પર રોક લગાવવામાં આવી છે. અત્યાર સુધી ફી માફીને કારણે બિનજરૂરી કેસોનુ ભારણ વધતુ હતુ, હવે ફી લાગુ થવાથી માત્ર વાસ્તવિક અને ગંભીર મુદ્દાઓ જ કોર્ટ સમક્ષ આવશે. જેના કારણે વકફ પ્રોપર્ટીના પડતર કેસોનો ઝડપી નિકાલ શકય બનશે, કોર્ટનો આ અભિગમ કાનુની સમાનતાની દિશામાં એક મોટુ પગલુ છે.

હાઈકોર્ટના આ હુકમથી રાજયમાં વકફ બોર્ડ હેઠળ નોંધાયેલી મિલ્કતોના સંચાલનમાં પારદર્શિતા આવશે, કાયદાકીય નિષ્ણાંતોનુ માનવુ છે કે ફી દાખલ થવાથી ખોટી રીતે કરવામાં આવતી અરજીઓમાં ઘટાડો થશે અને ન્યાયતંત્રનો સમય બચશે, સરકાર અને ન્યાયતંત્રનો આ સંયુકત સંદેશ સ્પષ્ટ છે કે નિયમો સૌના માટે સમાન હોવા જોઈએ. પછી ભલે તે કોઈપણ ધાર્મિક સંસ્થા સાથે જોડાયેલા હોય.

# આમ આદમી પાર્ટી દ્વારા સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓને લઈ તડામાર તૈયારીઓ : આમ આદમી પાર્ટીએ ગુજરાતમાં હોદ્દેદારોની કરી નિમણુંક

પ્રતિનિધિ,ગાંધીનગર

આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ તેમજ વિધાનસભાની ચુંટણીઓને ધ્યાનમાં રાખીને આમ આદમી પાર્ટી દ્વારા સંગઠન મજબુત કરવાની દિશામાં મોટી કાર્યવાહી હાથ ધરી છે.

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રભારી ગોપાલ રાય, પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને પ્રદેશ સંગઠન મહામંત્રી પ્રવિણ સોરઠીયાની આગેવાનીમાં રાજયભરમાં મોટી સંખ્યામાં પદાધિકારીઓની નિયુકિત કરવામાં આવી હોવાનુ પાર્ટી દ્વારા જાહેર કરવામાં આવ્યુ છે. આ નિયુકિતઓનો મુખ્ય હેતુ ગ્રાસ રૂટ લેવલે સંગઠન મજબુત કરવુ અને આવનારી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ તેમજ વિધાનસભા ચુંટણીઓમાં મજબુત તૈયાર કરવાનો ઈરાદો છે. આમ આદમી પાર્ટીની જિલ્લા / તાલુકામાં સંખ્યાબંધ નિયુકિતઓ કરવામાં આવી છે. જેમાં અમદાવાદ, સુરત, રાજકોટ, નડીયાદ, સુરેન્દ્રનગર, જામનગર, નવસારી અને વાપી મહાનગર પાલિકાઓમાં વોર્ડ પ્રભારી અને સહપ્રભારીની નિયુકિત કરવામાં આવી છે. આ સાથે જ ભુજ શહેરમાં શહેર પ્રમુખ, શહેર મંત્રી, લઘુમતિ મોરચાના તાલુકા મહામંત્રી તેમજ તાલુકા કિસાન સેલના પ્રમુખની નિમણુંક કરવામાં આવી છે.

આ ઉપરાંત લખપત તાલુકામાં તાલુકા મહામંત્રી, તાલુકા મંત્રી અને નખત્રાણા તાલુકા મહિલા મોરચાના મહામંત્રીની નિયુકિત પણ કરવામાં આવી છે. પ્રભારી અને સહ પ્રભારી તેમજ વોર્ડ સ્તરે પ્રભારી અને સહ પ્રભારીની નિયુકિતઓ પાર્ટી દ્વારા કરવામાં આવી છે. આ ઉપરાંત ગુજરાતની અનેક નગરપાલિકાઓમાં પ્રભારી અને સહ પ્રભારી તેમજ વોર્ડ સ્તરે પ્રભારી અને સહ પ્રભારીની નિયુકિતઓ કરવામાં આવી છે. સાથે જ સંખ્યાબંધ જિલ્લા પંચાયતોની સીટો માટે પણ પ્રભારી અને સહ પ્રભારીની નિમણુંક કરાઈ છે. જેથી સ્થાનિક સ્તરે પક્ષની કામગીરીને વધુ ગતિ મળી શકે, આ નિયુકિતઓ પાર્ટીના સંગઠનને વધુ સક્રિય બનાવશે તેવુ આમ આદમી પાર્ટીના નેતાઓએ જણાવ્યુ હતું. વધુમાં તેમણે કહ્યુ હતુ કે આ નિયુકિતઓ પાર્ટીના સંગઠનને વધુ સક્રિય બનાવશે અને રાજયની ૫ કરોડ જનતા સુધી પક્ષની નીતિઓ અને કાર્યક્રમો પહોચાડવામાં મદદરૂપ થશે. પાર્ટી દ્વારા એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યુ છે કે આવનાર સમયમાં આમ આદમી પાર્ટી વધુ નિયુકિતઓ કરશે. જેથી ગુજરાતમાં સંગઠનાત્મક માળખુ વધુ મજબુત બની શકે અને ચુંટણીમાં મજબુત વિકલ્પ તરીકે પક્ષ પોતાને રજુ કરી શકે.

# અમદાવાદમાં સવાર થી જ બોમ્બ થી ઉડાવી દેવાના ૧૨ શાળાઓને ઈ-મેઈલ મળતા પોલીસતંત્ર માં દોડધામ

## ઈ-મેઈલ માં ગૃહમંત્રી અમિત શાહ-ગેંગસ્ટર લોરેન્સ બિસ્નોઈ નુ લખ્યુ હતુ નામ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



અમદાવાદમાં આજે બુધવારે ૧૨ શાળાઓને બોમ્બ થી ઉડાવી દેવાની ધમકી મળી હતી. ધમકીભર્યા ઈ-મેઈલની માહિતી મળ્યા બાદ પોલીસે ૪ શાળાઓમાં તપાસ હાથ ધરી હતી. તેમાં કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી ન હતી. આજે બુધવારે સવારે ૮:૩૫ કલાકે ૩ શાળાઓને ધમકીભર્યા ઈ-મેઈલ મળતા હંગામો મચી ગયો હતો, તેનો વિષય હતો, બોમ્બ વિસ્ફોટ બપોરે ૧:૧૧ વાગે થશે, તેમાં આગળ જણાવ્યુ હતુ કે આ વિસ્ફોટ શાળાઓથી સાબરમતી જેલ સુધી થશે,

મેઈલમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને સાબરમતી જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિસ્નોઈનો ઉલ્લેખ હતો, મળતી માહિતી પ્રમાણે અમદાવાદની કુલ ૧૨ જેટલી શાળાઓને બોમ્બ થી ઉડાવી દેવાની ધમકી આપતો મેઈલ મળ્યો હતો. આ મેઈલમાં બપોરે દોઢ વાગે બોમ્બ વિસ્ફોટનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ત્યારે તકેદારીના ભાગરૂપે શાળાના સંચાલકોએ સ્વયં તકેદારીના પગલા લેતા શાળાઓમાં બપોર બાદ રજા જાહેર કરી દેવામાં આવી હતી. અમદાવાદની ૧૨ શાળાઓમાં ધમકીભર્યો ઈ-મેઈલ મળ્યો હતો. જેમાં (૧) ઝેબર સ્કુલ થલતેજ (૨) મહારાજા અગ્રસેન સ્કુલ ગુરુકુળ રોડ (૩) ડીએવી ઈન્ટરનેશનલ સ્કુલ મકરબા (૪) નિર્માણ સ્કુલ વસ્ત્રાપુર (૫) ઝાયડસ સ્કુલ વેજલપુર (૬) સીબીએસઈ ડીવાઈન ચાઈલ્ડ સ્કુલ અડાલજ (૭) આવિષ્કાર સ્કુલ કલોલ (૮) જેમ્સ એન્ડ જેનીસીસ ખોરજ ખોડીયાર (૯) અમદાવાદ ઈન્ટરનેશનલ સ્કુલ વસ્ત્રાપુર (૧૦) ઉદગમ સ્કુલ થલતેજ (૧૧) ડીપીએસ બોપલ (૧૨) તુલીપ ઈન્ટરનેશનલ સ્કુલ બોપલ

ખાલીસ્તાની આતંકવાદીઓ તરફથી ધમકી ઈ-મેઈલની ભાષા સુચવી હતી કે તે ખાલીસ્તાની આતંકવાદીઓ દ્વારા મોકલવામાં આવ્યો હતો. તેમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યુ હતુ કે અમિત શાહ અને લોરેન્સ બિસ્નોઈ તેમના નિશાના પર હશે, ઈ-મેઈલમાં કહેવામાં આવ્યુ હતુ કે ખાલીસ્તાન લોકમતના ૯૦૦ માં દિવસે કેનેડામાં ભારતીય સૈનિકો દ્વારા હરદીપસિંહ નિજ્જરની હત્યા કરવામાં આવી હતી. ઈ-મેઈલમાં આગળ એવુ કહેવામાં આવ્યુ હતુ લોરેન્સ બિસ્નોઈએ આનુ આયોજન કર્યુ હતુ, તેમાં આગળ કહેવામાં આવ્યુ હતુ કે મુદ્દો ખાલીસ્તાન લોકમત નો છે, ઈ-મેઈલમાં ધમકી આપવામાં આવી હતી કે હિન્દુ ગુજરાતી અમિત શાહને તેના પરીણામો ભોગવવા પડશે, અમદાવાદ શહેર પોલીસ જોઈન્ટ સીપી શરદ સીંઘલના જણાવ્યા અનુસાર હજુ સુધી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી ન હતી. પરંતુ સાવચેતી તરીકે તમામ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી. અમદાવાદની શાળાઓને પહેલા પર ધમકીઓ મળી આવી છે.

# નેશનલ હેરાલ્ડ કેસમાં સોનિયા-રાહુલ ગાંધીને રાહત મળતા ગુજરાત કોંગ્રેસની પદયાત્રા

## પદયાત્રા ભાજપના કાર્યાલય તરફ લઈ જવાતા નેતાઓની પોલીસે કરી અટકાયતઃ નવા અંગ્રેજો સામેની લડાઈ છે અમે ડરવાના અને ઝુકવાના નથી : અમિત ચાવડા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસના નેતા સોનીયા ગાંધી અને વિપક્ષ નેતા રાહુલ ગાંધીને કોર્ટ તરફથી રાહત મળતા અમદાવાદમાં પ્રદેશ કોંગ્રેસ દ્વારા આજે બુધવારે પદયાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. પદયાત્રામાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાથી લઈને નેતાઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

સત્યમેવ જયતે ના નારા અને હાથમાં બેનરો સાથે ભાજપના ખાનપુર ખાતેના કાર્યાલય તરફ જતા પોલીસે કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોની અટકાયત કરી હતી. એક સમયે કોંગ્રેસના કાર્યકર્તાઓ અને પોલીસ વચ્ચે ઝપાઝપીના દ્રશ્યો સર્જાયા હતા. અમિત ચાવડાએ ભાજપ સામે આક્ષેપ કરતા જણાવ્યુ હતુ કે કોંગ્રેસ અંગ્રેજો સામે લડી હતી અને ઝુકી ન હતી, હવે રાહુલ ગાંધીના નેતૃત્વમાં નવા અંગ્રેજો સામે નવી લડાઈ શરૂ કરવામાં આવી છે. જેમાં પણ કોંગ્રેસ કયારેય ઝુકશે નહી, નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસના સીનીયર નેતા સોનીયા ગાંધી અને વિપક્ષ નેતા રાહુલ ગાંધીને કોર્ટ દ્વારા રાહત આપવામાં આવતા અમદાવાદમા પ્રદેશ કોંગ્રેસ દ્વારા આજે બુધવારે પદયાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. સત્યમેવ જયતે ના નાદ સાથે પદયાત્રાનુ આયોજન શહેરના નહેરૂબ્રિજ ખાતે કરવામાં આવ્યુ હતું. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાની આગેવાની હેઠળ ગુજરાત કોંગ્રેસના સીનીયર નેતાઓ અને કાર્યકર્તાઓ પદયાત્રામાં જોડાયા હતા.

શહેર અને પ્રદેશના નેતાઓ કાર્યકર્તાઓ સાથે ચાલતા ચાલતા નહેરૂબ્રિજ થી ખાનપુર ભાજપ કાર્યાલય તરફ જઈ રહ્યા હતા, ખાનપુર નહેરૂ બ્રિજના છેડા પાસે પહોચતા પોલીસ દ્વારા પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા , એએમસીના વિપક્ષ નેતા શહેજાદખાન પઠાણ, કોંગ્રેસના નેતા શાહનવાજ શેખ સહિત કોર્પોરેટરો અને કાર્યકર્તાઓને અટકાવ્યા હતા. પોલીસે તમામ કોંગ્રેસના નેતાઓને કાર્યકર્તાઓની અટકાયત કરી લીધી હતી. કોંગ્રેસના કાર્યકર્તાઓને બળજબરીપૂર્વક વાહનમાં બેસાડી અટકાયત કરવામાં આવી હતી. કોંગ્રેસના નેતાઓ અને કાર્યકર્તાઓને પોલીસ સાથે થોડુ ઘર્ષણ પણ થયુ હતું. કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોએ હાથમાં બેનરો લઈને ભાજપ સામે ભારે સુત્રોચ્ચાર કર્યા હતા, સત્યમેવ જયતે, ભય વગરની રાજનીતી કોંગ્રેસની ઓળખ, દેશ બંધારણથી ચાલશે, સરકારી એજન્સીઓના દુરુપયોગથી નહી, એવા બેનરો સાથે કોંગ્રેસ દ્વારા પદયાત્રા યોજવામાં આવી હતી. જો કે ખાનપુર ભાજપ કાર્યાલય સુધી રેલી પહોચે તે પહેલા જ પોલીસ દ્વારા નેતાઓ અને કાર્યકરોની અટકાયત કરી લેવામાં આવી હતી,

પદયાત્રામાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યુ હતુ કે આ એ કોંગ્રેસ છે જે અંગ્રેજો સામે લડયા હતા અને ઝુકયા ન હતા, હવે રાહુલ ગાંધીના નેતૃત્વમાં નવા અંગ્રેજો સામે નવી લડાઈ શરૂ થઈ છે, આખરે સત્યનો વિજય થયો છે, ભાજપ સરકારની જે મેલી મનસા હતી તે બર આવી નથી, આ આઝાદીની નવી લડાઈ છે. ડરાવવા, ધમકાવવાની રાજનીતી લાંબી નહી ચાલે, આજેપણ લડીશુ, કાલે પણ લડીશુ, અમે ડરવાના નથી અને ઝુકવાના નથી.

# રાજકોટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બેનર ઉપર શાહી ફેંકાઈ: બનાવની જાણ થતા જ તત્કાલ બેનર હટાવી દેવાયુ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટમાં સર્કિટ હાઉસ રોડના છેડે આવેલા સરદારબાગ નજીક લગાવાયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બેનર ઉપર શાહી ફેંકાયાની ઘટના આજે બુધવારે સવારે બનવા પામી હતી. બનવાની જાણ થતા જ શાસકોએ તાત્કાલીક અસરથી બેનર દુર કરાવ્યુ હોવાનુ જાણવા મળ્યુ હતું.

રાજકોટમાં આગામી તારીખ ૧૦ થી ૧૩ જાન્યુઆરી દરમિયાન યોજાનાર સૌરાષ્ટ્ર-કચ્છ રીજનલ વાઈબ્રન્ટ સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પધારવાના છે. તે અગાઉ ચૌધરી હાઈસ્કુલ ચોક પાસે જાગો ગ્રાહક જાગોના પોસ્ટરમાં વડાપ્રધાન મોદીના ફોટા ઉપર શાહી લગાવવાની ઘટના બહાર આવી હતી. દરમિયાન આ બાબત ધ્યાને આવતા મહાનગરપાલિકા દ્વારા તાત્કાલીક પોસ્ટર હટાવી દેવામાં આવ્યુ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટ શહેરમાં છેલ્લા બે મહિનામાં બે વખત વડાપ્રધાન મોદીના ફોટા ઉપર શાહી લગાવવાની ઘટના બની હોવાનુ બહાર આવ્યુ છે. અગાઉ તારીખ ૧૫ ઓકટોબરે ગુજરાત પ્રદેશ ભાજપના નવનિયુકત પ્રમુખ જગદીશ વિશ્વકર્મા રાજકોટની મુલાકાતે આવ્યા હતા, ત્યારે બહુમાળી ભવન નજીક લગાવવામાં આવેલા એક બેનરમાં વડાપ્રધાન મોદીના ફોટા ઉપર અજાણ્યા શખ્સે શાહી લગાવી હતી.




# અમરેલીના બગસરામાં બેકાબૂ કાર ઝાડ સાથે ભટકાતા પલટી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

અમરેલી જિલ્લાના બગસરા નજીક બુધવારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. બગસરાના હડાળા અને ડેરી પીપરીયા ગામ વચ્ચે એક ફોર વ્હીલ કાર રોડ પરથી નીચે ઉતરી જતાં આ ભયંકર દુર્ઘટના થઈ હતી. જેમાં ત્રણ લોકોના મોત નિપજ્યા છે અને એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. મળતી માહિતી અનુસાર, અમરેલીના બગસરા નજીક બુધવારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. વહેલી સવારે પૂરપાટ ઝડપે દોડતી ફોર વ્હીલ કાર અચાનક રોડ પરથી નીચે ઉતરી ગઈ હતી. ત્યારબાદ તે ઝાડ તેમજ અન્ય વસ્તુઓ સાથે ધડાકાભેર અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આ કારમાં કુલ ચાર લોકો સવાર હતા.